સુવિચાર
‘‘રસ્તો ચાલે નહી, એ રસ્તો જ બતાવે. ચાલવું તો આપણે જ પડે છે.’’
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૬/૨૦૨૬, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ વદ-૬ વર્ષ : ૧૭ અંક : ૧૪૮

## વિશ્વ પર્યાવરણ દિવસ ‘‘એક પેડ મા કે નામ ૩.૦’’ અભિયાનનો પ્રારંભ

# અમરેલી પંથકમાં ૫૧ હજાર વૃક્ષોનું વાવેતર કરાશે : વેકરિયા

**ગ્રામ્ય વિસ્તારોમાં ઉર્જા રાજયમંત્રીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા**

**સણોસરા ખાતે વૃક્ષારોપણ સાથે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરાયુ**

**મોટા માંડવડા, કુંકાવાવ, વડિયા, ચિતલ સહિતનાં ગામોમાં વૃક્ષારોપણ કાર્યક્રમો સંપન્ન**

**પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૫

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજયભરમાં જનકલ્યાણને કેન્દ્ર સ્થાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત અમરેલી જિલ્લામાં તા. ૦૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન લોકભાગીદારી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોની હારમાળા યોજાશે. આ કાર્યક્રમો દ્વારા વિકાસ અને સુશાસનની ગાથા લોકો સુધી પહોંચાડવાની સાથે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ કડીના ભાગરૂપે રાજયવ્યાપી પર્યાવરણ દિવસની ઉજવણી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ‘એક પેડ માઁ કે નામ ૩.૦’ અભિયાન હેઠળ સ્થાનિક ગ્રામ પંચાયતો અને સદ્‌ભાવના ટ્રસ્ટના સહિયારા પ્રયત્ન થકી વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા.

ઊર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સણોસરા, મોટા માંડવડા, કુંકાવાવ મોટી, વડીયા, પીપળલગ, ચિત્તલ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કરીને ‘એક પેડ માઁ કે નામ ૩.૦’નો પ્રાંરભ કરાવ્યો હતો અને પર્યાવરણ પ્રત્યે જનજાગૃત્તિ વધે તે માટે દરેક પરિવાર, પરિવારદીઠ પાંચ વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરી ઉછેર કરે તે સંદેશને પ્રસરાવ્યો હતો.

રાજયમંત્રીએ સણોસરા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જાહેર આભાર


બાબરા નગરપાલિકા વિસ્તારના વોર્ડ નં. ૨ માંથી મને ભવ્ય બહુમતી સાથે વિજયી બનાવી જનસેવાનો અવસર આપનાર મારા મત વિસ્તારના તમામ મતદાર ભાઈઓ, બહેનો, વડીલો, યુવાનો તથા ભારતીય જનતા પાર્ટીના સમર્પિત કાર્યકર્તાઓનો હું હૃદયપૂર્વક આભાર વ્યકત કરૂ છું. આપ સૌએ મારા પર મુકેલો વિશ્વાસ, પ્રેમ અને આશીર્વાદ મારા માટે પ્રેરણાશકિત સમાન છે. તેમજ બાબરા નગરપાલિકા પ્રમુખ તરીકે મારી નિમણુક કરી મારા પર વિશ્વાસ વ્યકત કરવા બદલ શહેર ભાજપ પ્રમુખ શ્રી કિરીટભાઈ પરવાડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા, સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયા તથા ભાજપ સંગઠનના તમામ આગેવાનો અને કાર્યકતાઓનો હું વિશેષ આભાર વ્યકત કરૂ છું. ભારતીય જનતા પાર્ટીએ સામાન્ય કાર્યકરને સન્માન અને જવાબદારી આપવાની જે પરંપરા જાળવી રાખી છે, તેના ભાગરૂપે મને બાબરા નગરપાલિકાના પ્રમુખ તરીકે સેવા કરવાનો અવસર મળ્યો છે. આ જવાબદારી ને હું સંપૂર્ણ નિષ્ઠા, પ્રામાણિકતા, પારદર્શિતા અને જનહિતના ભાવ સાથે નિભાવીશ. બાબરા શહેરના સર્વાંગી વિકાસ, સ્વચ્છતા, સુવિધાઓના વિસ્તરણ, નાગરિકોના પ્રશ્નોના ઝડપી નિરાકરણ અને વિકાસલક્ષી કાર્યોને પ્રાથમિકતા આપી શહેરને પ્રગતિના નવા શિખરો સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહીશ. આપ સૌનો વિશ્વાસ જ મારી સૌથી મોટી મૂડી અને શકિત છે. ફરી એકવાર બાબરા શહેરની જનતા, ભાજપ પરિવાર અને તમામ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરૂ છું.



રંજનબેન રમેશભાઈ પરવાડીયા
પ્રમુખશ્રી : નગરપાલિકા-બાબરા

રમેશભાઈ પરવાડીયા
અગ્રણીશ્રી : શહેર ભાજપ

મુ. બાબરા, તા. બાબરા, જી. અમરેલી



## અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત

### વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત રૂપી વિકાસ યજ્ઞ

**તારીખ : ૬ જુન ૨૦૨૬, શનિવાર**

અમરેલી શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રોડ રસ્તા, ડ્રેનેજ લાઈન, સ્ટ્રીટ લાઈટની કામગીરીઓ રૂા. ૨૦૫૬ લાખ
સમય : ૪:૩૦ કલાકે
સ્થળ : સાવરકુંડલા રોડ, પાણીની ટાંકી સામે, અમરેલી

અમરેલી શહેરના અલગ-અલગ ૩ મુખ્યમાર્ગોને આઈકોનિક રોડ તરીકે ડેવલોપમેન્ટ કરવાની કામગીરી રૂા. ૪૭૨ લાખ
સમય : ૫:૩૦ કલાકે
સ્થળ : પરેશભાઈ આચાર્યની ઓફિસ સામે, અમરેલી

**કાર્યક્રમ ઉદ્‌ઘાટકશ્રી**



માન.શ્રી : કૌશિકભાઈ વેકરીયા
માન. રાજયકક્ષા મંત્રીશ્રી કાયદો અને ન્યાયતંત્ર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો

**:: વિશેષ આમંત્રિત ::**

શ્રી ભરતભાઈ સુતરીયા – માન. સાંસદશ્રી અમરેલી
શ્રી રાજુભાઈ ભુતૈયા – મહામંત્રીશ્રી : અમરેલી જિલ્લા ભાજપ
શ્રી વિજયભાઈ ચોટલીયા – પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા ભાજપ
શ્રી અતુલભાઈ કાનાણી – પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા ભાજપ
શ્રી મયુરભાઈ માંજરીયા – મહામંત્રીશ્રી : અમરેલી જિલ્લા ભાજપ
શ્રી પી.પી. સોજીત્રા – પૂર્વ ચેરમેનશ્રી : માર્કેટીંગ યાર્ડ, અમરેલી
શ્રી ચેતનભાઈ શિયાળ – મહામંત્રીશ્રી : અમરેલી જિલ્લા ભાજપ

**:: નિમંત્રક ::**

શ્રી વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા – પ્રમુખ : નગરપાલિકા અમરેલી
શ્રી વિરલભાઈ પોપટ – ઉપપ્રમુખ : નગરપાલિકા અમરેલી
શ્રી મૌલિકભાઈ ઉપાધ્યાય – કારોબારી ચેરમેન : નગરપાલિકા અમરેલી
શ્રી વિનોદભાઈ સી. રાઠોડ – ચીફ ઓફિસર : નગરપાલિકા અમરેલી

**:: નગરપાલિકા સભ્યશ્રીઓ ::**

શ્રી મીનાબેન રવિરાજભાઈ શેખવા
શ્રી શીતલબેન વિશાલભાઈ ઠાકર
શ્રી પરશોત્તભાઈ પીઠાભાઈ દાફડા
શ્રી રીનાબેન દેવરાજભાઈ બાબરિયા
શ્રી નિરાલીબેન સમીરભાઈ જાની
શ્રી હરપાલભાઈ દડુભાઈ ધાધલ
શ્રી નિખિલભાઈ ચિમનલાલ આશર
શ્રી આશાબેન નાથુભાઈ ધાધલ
શ્રી વિલાસબેન ચંદ્રેશભાઈ ખાણેસા
શ્રી મનીષભાઈ હકુભાઈ ધરજીયા
શ્રી પરીતાબેન સંજયભાઈ ભેંસાણીયા
શ્રી કોમલબેન સંજયભાઈ રામાણી
શ્રી ચિરાગભાઈ મનુભાઈ ચાવડા
શ્રી અલ્કાબેન દિનેશભાઈ ગોંડલીયા
શ્રી કલગીબેન ચિરાગભાઈ ત્રિવેદી
શ્રી જીગ્નેશભાઈ જસવંતભાઈ સાવલીયા
શ્રી ભરતભાઈ કાળુભાઈ કાનાણી
શ્રી પુનમબેન કૌશલભાઈ સાવલીયા
શ્રી ધર્મેશભાઈ ધનજીભાઈ અજાણી
શ્રી ગીરીશભાઈ રતીભાઈ ત્રાપસિયા
શ્રી ભારતીબેન અનિલભાઈ રાધનપરા
શ્રી જયંતીભાઈ મનુભાઈ ધાનાણી
શ્રી સંગીતાબેન હરેશભાઈ ચાવડા
શ્રી ભાવનાબેન ચીરાગભાઈ દેસાઈ
શ્રી વિદુરભાઈ વિનુભાઈ ડાબસરા
શ્રી દીલુભાઈ બાબુભાઈ વાળા
શ્રી હરેશભાઈ જયંતીભાઈ કાબરીયા

અમરેલી નગરપાલિકા

### એસ.ટી. બસનાં મુસાફરોને જોખમમાં મુકેલ

# ધારી : એસ.ટી. ડેપોનાં ડ્રાઈવરે બસ ચલાવતાં વિડીયો રીલ બનાવતાં સસ્પેન્ડ

### મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ કાર્યવાહી

અમરેલી, તા. ૫

ધારી એસ.ટી. ડેપો ખાતે ડ્રાઈવર તરીકેની ફરજ બજાવતા આમીદભાઈ પી.ગગનીયા, (બેજ નં. ૫૪) દ્વારા પોતાની ચાલુ ફરજ દરમિયાન ડ્રાઈવીંગ કરતા સમયે મોબાઈલમાં એક વિડીયોની રીલ બનાવવામાં આવેલ હતી અને તે રીલ ઈન્સ્ટાગ્રામમાં એકાઉન્ટ બનાવી તેમાં એસ.ટી. બસનું ડ્રાઈવીંગ કરતા હોય તેવી ઘણી બધી રીલો અપલોડ કરી રીલ વાયરલ કરેલ હતી. આ અંગે ગત તા. ૨ ના રોજ સમાચાર પ્રસિધ્ધ થતાં એસ.ટી. નિગમની પ્રતિષ્ઠાને ઝાંખપ લાગે તેવા વર્તમાન સમાચાર પ્રસિધ્ધ થયેલ હતા તથા ચાલુ બસમાં રીલ બનાવવાના કારણે અકસ્માત થવાનો અને મુસાફરોના જીવ જોખમમાં મુકવાનો ભય રહેલ હોય. જેથી નિગમની બસોમાં મુસાફરી કરતા પ્રવાસીઓ દ્વારા ઉચ્ચ કક્ષાએ ફરિયાદો, રજુઆતો કરવામાં આવેલ હતી.

આવા વિડીયો રીલ બનાવી સોશ્યલ મીડીયામાં વાયરલ થવાના સમાચારો વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થવાના કારણે નિગમની પ્રતિષ્ઠાને ગંભીર હાની પહોંચેલ હોય જે બાબતે તમો જવાબદાર જણાઈ આવેલ છે.

આવા ગંભીર પ્રકારના ગુન્હા સબબ ગત તા. ૪થી તાત્કાલીક અસરથી ડ્રાઈવર આમીદભાઈ પી. ગગનીયાને બીજો હુકમ ન મળે ત્યાં સુધી ડ્રાઈવર (કાયમી) તરીકેની ફરજમાંથી સસ્પેન્ડ (ફરજ મોકુફી) કરવાનો અને આ સસ્પેન્શન સમય દરમિયાન તેઓને ડેપો મેનેજર એસ.ટી. કોડીનાર સમક્ષ હાજર રહેવાનું રહેશે અને હાજરી પુરાવવાની રહેશે. તેમજ સસ્પેન્શન સમય દરમિયાન ડેપો મેનેજર એસ.ટી. કોડીનારની પરવાનગી વિના હેડકવાર્ટર છોડી શકશો નહી. તેમ એચ. એન. ખાંભલા અવલ વિભાગીય પરિવહન અધિકારી, એસ.ટી. અમરેલીએ હુકમ કરેલ છે.

### ભૌતિકભાઈ ઉર્ફે કાનો રાઠોડનાં કબ્જામાંથી

# સાવરકુંડલાનાં જુના આંબરડી ગામેથી દારૂની ૧૪૫ બોટલ ઝડપાઈ

અમરેલી, તા. ૫

સાવરકુંડલા તાલુકાના જુની આંબરડી ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા ભૌતિકભાઈ ઉર્ફે કાનો રમેશભાઈ રાઠોડ નામન ૨૩ વર્ષીય રત્ન કલાકારે પોતાના કબ્જામાં ગેરકાયદેસર પરપ્રાંતનો ભારતીય બનાવટનો પરપ્રાંતિય દારૂ અલગ–અલગ બ્રાન્ડની બોટલો નંગ–૧૪૫ કિંમત રૂપિયા ૨૨,૯૫૦ના મુદ્દામાલ તથા મોબાઈલ ફોન એક કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રકમ રૂપિયા ૨૭,૯૫૦ સાથે રેઈડ દરમ્યાન ઝડપાઈ જઈ તેમજ મુદામાલનો જથ્થો આપનાર સુરેશભાઈ શંભુભાઈ જાદવ (રહે. આદસંગ, હાલ રહે .સુરત) તેમજ જથ્થો પહોંચાડનાર અજાણ્યા ઈસમ સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

# દેવળામાં ૧૦ સિંહોએ દેખા દીધી



ધારી તાલુકાના દેવળા ગામ નજીક ગત રાત્રિના સમયે એકી સાથે ૧૦ સિંહોનું ટોળું જોવા મળ્યું હતું. ધારીના જંગલ વિસ્તારને અડીને આવેલા દેવળા વિસ્તારમાં સિંહોની હાજરીને કારણે સ્થાનિક લોકોમાં ભારે કૌતુક સર્જાયું હતું. સિંહો શાંતિપૂર્ણ રીતે અવરજવર કરતા જોવા મળ્યા હતા, જેના દશ્યો કેટલાક લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યા હતા. ગીર અને આસપાસના પંથકમાં સિંહોની સંખ્યા વધતા તેઓ હવે જંગલ વિસ્તાર ઉપરાંત પાણી અને ખોરાક માટે થઈ ગ્રામ્ય વિસ્તારોમાં પણ અવારનવાર જોવા મળે છે. વન વિભાગ દ્વારા લોકોને સાવચેત રહેવા અને સિંહોની નજીક ન જવા અપીલ કરવામાં આવી છે. ધારીના દેવળા ગામ નજીક એક સાથે ૧૦ સિંહોનું ટોળું જોવા મળતાં વન્યજીવ પ્રેમીઓમાં પણ ખુશીની લાગણી જોવા મળી હતી. આ ઘટના ગીરના સિંહોના સુરક્ષિત સંવર્ધન અને વધતી વસ્તીનું વધુ એક જીવંત ઉદાહરણ બની છે.

# મોટા ભંડારીયા ખાતે ''વિશ્વ પર્યાવરણ દિન''ની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૫

જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત રહેલ કૃષિ મહાવિદ્યાલય મોટા ભંડારિયા (અમરેલી) ખાતે ''વિ પર્યાવરણ દિન''ની ઉજવણી અત્રેની કૃષિ યુનિવર્સિટીના કુલપતિની પ્રેરણાથી તેમજ નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ, જુનાગઢ અને અહીંની કૃષિ મહાવિદ્યાલયના આચાર્યના માર્ગદર્શન હેઠળ તારીખ ૫/૬/૨૦૨૬ના રોજ આયોજન કરવામાં આવ્યું. આ તકે કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય, સ્ટાફગણ અને વિદ્યાર્થીઓએ વૃક્ષોનું વાવેતર કર્યુ હતું. આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવકોએ સેવકો દ્વારા કોલેજ પરિસર અને આસપાસના વિસ્તારમાંથી પ્લાસ્ટિક કચરો એકત્રિત કરી સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૭૨ સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય ડો. ડી.એચ. કેલૈયાએ વિદ્યાર્થીઓને વધુમાં વધુ વૃક્ષો વાવવા, પર્યાવરણ સંરક્ષણ માટે સક્રિય ભૂમિકા ભજવવા તથા પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો કરવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. કિરણબેન ચંદ્રવાડીયા, ડો. પી.એચ. ઝાલા તથા સ્ટાફગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

### આમ આદમી પાર્ટીનાં અગ્રણીએ કાર્યવાહીની કરી માંગ

# લ્યો બોલો : અમરેલીનાં ફતેપુરમાં સરપંચને બદલે તેણીનાં પિતા વહીવટ ચલાવતા હોવાનો આક્ષેપ

### સરપંચ લગ્ન બાદ અન્ય શહેરમાં વસવાટ કરતાં હોવાનું જણાવાયું

અમરેલી, તા. ૫

અમરેલી તાલુકાના ફતેપુર ગામમાં છેલ્લા ચાર વર્ષથી સરપંચ તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના લગ્ન બાદ રાજકોટ ખાતે રહે છે અને ગામમાં ગેરહાજર રહે છે. હાલ ગામના તમામ વહીવટી કામો તેમના પિતા સંભાળી રહ્યા છે. તેથી આ મામલે કામરેજ તાલુકા પંચાયતના પૂર્વ વિપક્ષ નેતા અને આમ આદમી પાર્ટીના નેતા જે.ડી. કથીરીયાએ જણાવ્યું હતુ કે, અમરેલી તાલુકાના ફતેપુર ગામમાં છેલ્લા ચાર વર્ષથી સરપંચ તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના લગ્ન બાદ રાજકોટ ખાતે રહે છે અને ગામના વહીવટી કાર્યોમાં નિયમિત હાજર રહેતા નથી. ગ્રામસભા હોય કે અન્ય કોઈ મહત્વપૂર્ણ બેઠક તેમાં સરપંચની હાજરી જોવા મળતી નથી. જેના કારણે ગામજનોમાં ભારે અસંતોષ છે.



ગામલોકોનો પ્રશ્ન છે કે ગામના મુખ્ય પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા સરપંચ જો ગામના કામકાજમાં હાજર જ ન રહેતા હોય તો ગામના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે આવશે.

આ મુદ્દે જિલ્લા પંચાયત દ્વારા પણ તપાસ માટે નોટિસ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અમે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી છે અને સરપંચ સામે જરૂરી કાર્યવાહી કરીને તેમને સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. હાલમાં સરપંચના પિતા ગામનો તમામ વહીવટ સંભાળી રહ્યા છે. અધિકારીઓ સમક્ષ રજૂઆત કર્યા બાદ અમને સકારાત્મક પ્રતિસાદ મળ્યો છે અને તાત્કાલિક તપાસ કરીને સત્ય હકીકત બહાર લાવવાની ખાતરી આપવામાં આવી છે. અમારી માંગ છે કે સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને નિયમ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે.

### કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# બાબરાનાં વાવડા ગામનાં પ્રૌઢ ખેડૂતે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

### નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાના વાવડા ગામે રહેતા મુકેશભાઈ લાભુભાઈ ભાયાણી નામના ૫૧ વર્ષીય આધેડ ગત તા. ૪ના રોજ આશરે સાડાબારથી બપોરના સાડા ચાર વાગ્યા દરમ્યાન વાવડા ગામે પોતાની વાડીએ કોઈપણ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે પોતાની વાડીએ જીરામાં છાંટવાની જીવાતો મારવાની ઝેરી દવા પી જતા ઝેરી અસર થતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

# લાઠીના ભુરખીયા ખાતે તળાવ રીસ્ટોરેશન કરવાનાં કાર્યનાં પ્રારંભ

### રૂા. ૩૮.૩૦ લાખનાં ખર્ચે થશે તળાવનું રીસ્ટોરેશન



લાઠી, તા. ૫

લાઠી તાલુકાના ખેડૂતો માટે આનંદના સમાચાર રૂપે તળાવ રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્યના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય અને પાણીના સંગ્રહ ક્ષમતા વધે તે હેતુસર રૂા.૩૮.૩૦ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. સિંચાઈ યોજનાઓના પુનઃસ્થાપન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ વિકાસને નવી દિશા મળશે. આ તળાવના રીસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે પાણી સંચય અને પાણીના સદ્દુપયોગ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગામડાં સુધી વિકાસના કાર્યો પહોંચે અને ખેડૂતોને ખેતીમાં સરળતા રહે તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ તળાવનું રીસ્ટોરેશન પૂર્ણ થયા બાદ વિસ્તારમાં પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ ભૂગર્ભ જળસ્તર સુધારવામાં પણ મદદ મળશે.

ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રી, સંગઠનના કાર્યકર્તાઓ, તાલુકા પંચાયતના ચુંટાયેલા પ્રતીનીધીઓ, સરપંચ, આગેવાનો, ખેડૂત આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર અને વિકાસમુખી વાતાવરણમાં યોજાયો હતો.

### અનુસૂચિત જાતિનાં આગેવાનોએ આવેદનપત્ર પાઠવ્યુ

# મોટા આંકડીયા ખાતે અનુસૂચિતનાં નાગરિકો ઉપર થયેલ ખોટી ફરિયાદ રદ કરવા માંગ

### જિલ્લા કલેકટર સમક્ષ રેલી સ્વરૂપે રજુઆત કરાઈ

અમરેલી, તા. ૫

અમરેલી પંથકનાં અનુસૂચિત સમાજનાં આગેવાનોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ગુના રજી નંબર ૧૧૯૩ ૦૦૪૨૬૦૨૭૪ તા. ૨૭/૫/૨૬ની એફ આઈ આર અમો અનુસૂચિત જાતિના ૧ થી ૧૧ આગેવાનો વિરૂધ્ધ ખોટી બનાવટી અને ગેરકાયદેસર એફઆઈઆર બાબતે ન્યાયિત તપાસ કરી સમરી ફાઈલ ખોટી ફરિયાદ આપનાર તથા નોંધાવનાર સામે કાર્યવાહી થવા બાબત તથા અરજદારો આરોપી વિરૂધ્ધ પુરાવો ન આવે ત્યાં ધરપકડ ટાળવા બાબત તેમજ એફઆઈઆર રિજેકટ કરવા અમારી માંગ છે.

વધુમાં જણાવેલ છે કે, મોટા આંકડીયા અનુસૂચિત જાતિના અરજદારો પોતાની મંડળીની જમીન બાબતે રૂબરૂ તથા મૌખિક અવારનવાર રજૂઆત કરવા છતાં ભૂમાકિયા અનુસૂચિત જાતિ સમાજનાં વ્યકિતઓની જમીનમાંથી ખનીજ ચોરી કરવાનું બંધ કરતા નહીં અને રાજકીય વગ વાપરી પોતાની અહમ અને વગના કારણે ખનીજ ચોરી ચાલુ રાખતા એ દરમિયાન મોટા આંકડીયાના અનુસૂચિત જાતિના તમામ અરજદારોએ



અધિકારીઓને પણ લેખિત મૌખીક જાણ કરેલી એમ છતાં આ ભૂમાફિયા રાજકીય હોદ્દેદારોના પાવરથી તે ખનીજ બંધ ન કરતા અનુસૂચિત જાતિ સમાજના આગેવાનોનો કોન્ટેક કરેલ અને આગેવાનો સ્થળ ઉપર જતા આ લોકોએ જીવલેણ હુમલો કરી આગેવાનો તથા મોટા આંકડીયાના જમીનની માંગણીવાળા અરજદારોને પણ ગાળો આપી હુમલો કરી ત્યાંથી ભગાડેલ અને આ યુવાનો ઉપર ખોટી લુંટની એફઆઈઆર કરી દબાવી દેવાના પ્રયાસો કર્યા છે. આ બાબતે ગુજરાતના તમામ અનુસૂચિત જાતિ સમાજના લોકોને ખૂબ જ દુઃખ લાગેલ.

આ આવેદનની સાથે જોડેલ ડોકયુમેન્ટ રજૂઆતને ધ્યાને લઈ અમરેલીના આગેવાનો ઉપર થયેલી ખોટી ફરિયાદ રદ કરાવવા તથા તેમની જમીન ઉપર કબ્જો જમાવી બેઠેલા ભુમાફીયાને કાયદાનું ભાન કરાવવા તેમજ કબ્જો ખાલી કરાવવા સમાજના આગેવાનોની માંગ છે જો એમ કરવામાં નિષ્ફળ રહેશો તો આગામી સમયની અંદર બનાવ સ્થળે એટલે કે આંકડીયા મુકામે ગુજરાતભરનો અનુસૂચિત જાતિ સમાજ ભેગો થઈ મહાસંમેલન કરશે ત્યાંથી રેલી રૂપે ગાંધીનગર સુધી જવાની ફરજ પડશે તેમની ખાસ તકેદારી રાખી અને ન્યાયના હિતમાં હુકમ કરીઅમો અનુસૂચિત જાતિને પોતાની આજીવિકા માટે મળેલ જમીન પછી મળે અને આગેવાનો ઉપર કરેલ એફઆઈઆર રદ થાય અને એટ્રોસિટી એકટનાં આરોપીઓને ધરપકડ થાય તેવી માંગ અંતમાં કરેલ છે.

### પાલિકાનાં શાસકો દ્વારા ''પાણી બચાવો'' અભિયાન શરૂ

# બાબરા : વોર્ડ નં. ૧ થી ૬માં પાણી વિતરણનાં સમયમાં ઘટાડો કરાયો

### પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ

બાબરા, તા. ૫

બાબરા શહેરમાં હાલ પાણીની મર્યાદિત ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી બાબરા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ અને કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરાએ શહેરની જનતાને પાણીનો સમજદારીપૂર્વક અને કરકસરથી ઉપયોગ કરવા અપીલ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે શહેરના સંપ હાઉસ ખાતે હાલ પાણીનો જથ્થો મર્યાદિત હોવાથી નગરપાલિકા દ્વારા પાણી વિતરણ વ્યવસ્થામાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે શહેરના વોર્ડ નં. ૧ થી ૬ વિસ્તારમાં આગામી સૂચના સુધી પાણી વિતરણનો સમય ઘટાડીને અંદાજે ૩૦ મિનિટ રાખવામાં આવ્યો છે.

નગરપાલિકાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિમાં દરેક નાગરિકની જવાબદારી બને છે કે પાણીનો બિનજરૂરી વપરાશ ટાળે અને ઉપલબ્ધ પાણીનો સદ્દુપયોગ કરે. પાણી બચાવવાથી સમગ્ર શહેરને લાભ મળશે અને પાણીની સમસ્યાનો સામનો વધુ સારી રીતે કરી શકાશે.

નગરપાલિકાએ શહેરના તમામ નાગરિકોને સહકાર આપવા અનુરોધ કરતાં જણાવ્યું છે કે પાણીની આ અસ્થાયી સમસ્યાના નિરાકરણ સુધી સૌએ સંયમ રાખી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જરૂરી છે. નાગરિકોના સહયોગથી જ પાણીનું યોગ્ય આયોજન અને સમાન વિતરણ શકય બનશે.

પાણી બચાવો, શહેરને સહકાર આપો'ના સંદેશ સાથે નગરપાલિકાએ જનજાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો છે અને શહેરજનોને આ મુશ્કેલ સમયમાં જવાબદારીપૂર્વક પાણીનો ઉપયોગ કરવા જાહેર અનુરોધ કર્યો છે.

# સાવરકુંડલા વિધાનસભા દ્વારા આયોજિત નાવલી પ્રીમિયર લીગ (NPL) સિઝન-૨ માં જય માતાજી ઈલેવન ટાઈટલ વિજેતા બની









સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારના ક્રિકેટ પ્રેમીઓ માટે સાવરકુંડલા વિધાનસભા દ્વારા આયોજિત નાવલી પ્રીમિયર લીગ (NPL) સિઝન–૨ની ભવ્ય ફાઈનલ મેચ ઉત્સાહ અને રોમાંચ વચ્ચે યોજાઈ હતી. સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન ઉત્તમ પ્રદર્શન કરનાર જય માતાજી ઈલેવન ફાઈનલ મેચમાં વિજયી બની ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો હતો. ફાઈનલ મેચના પ્રસંગે ગુજરાત સરકારના ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને કાયદા વિભાગના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા તેમજ તમામ ભાગ લેનાર ટીમોને અભિનંદન પાઠવતાં રમતગમત દ્વારા યુવાનોમાં શિસ્ત, ટીમ ભાવના અને સ્વસ્થ સ્પર્ધાની ભાવના વિકસે છે તેમ જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ગુજરાત ભાવ નિયંત્રણ બોર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી ચેતનભાઈ શિયાળ, પૂર્વ જિલ્લા મહામંત્રી પીઠાભાઈ નકુમ, બક્ષીપંચ મોરચાના પ્રમુખ સાગરભાઈ સરવૈયા તેમજ સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન અનુલભાઈ કાપડિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો, ભાજપના હોદ્દેદારો અને અગ્રણીઓએ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો તથા રમતગમત ક્ષેત્રે યુવાનોને આગળ વધવા પ્રેરણા આપી હતી. વિધાનસભાના સગઠનના હોદેદારો, જીલ્લા પંચાયતના સદસ્યોઓ, તાલુકા પંચાયતના સદસ્યોઓ, મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ, યુવાનો અને નાગરિકો પરિવાર તથા મિત્રવર્તુળ સાથે ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર મેદાનમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. નાવલી પ્રીમિયર લીગ (NPL) સિઝન–૨નું સફળ આયોજન સાવરકુંડલા– લીલીયા વિસ્તારના યુવાનોમાં રમતગમત પ્રત્યેની જાગૃતિ અને રસ વધારવામાં મહત્વપૂર્ણ સાબિત થયું છે. આયોજકો દ્વારા તમામ ટીમો, ખેલાડીઓ, મહેમાનો તથા ઉપસ્થિત જનસમુદાયનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# આપણા જીવનનો આનંદ સંપૂર્ણતામાં રહેલો છે

## પગદંડી/લેખન



**– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

આપણું જીવન એક પક્ષી સમાન છે. કવિ ઈકબાલનો અક શેર છે.

જિંદગી ઈન્સાં કી હે માનિન્દે યુર્ગે ખુશનુમા શાખ પર બેઠા કોઈ દમ ચહચહાતા ઉડ ગયા. અર્થાત મનુષ્યની જિંદગી એક પક્ષી સમાન છે. જે કોઈ મળી ઉપર બેસી ગીત ગાય છે પણ પછી ઊડી જાય છે. મનુષ્ય પણ જિંદગીનાં સુંદર સ્વપ્ન જોતોજાતો ગીત ગાય છે આલિશાન મકાન, બંગલામાં બેઠોબેઠો પણ અચાનક પંખી જીવન શરીર છોડી ચાલ્યું જાય છે ઉડી જાય છે.

આ જગતમાં સૌથી મૂલ્યવાન જો કોઈ ચીજ હોય તો તે છે જીવન જીવન ભલે ક્ષણભંગુર રહ્યું પણ આપણું જીવન ખંડિત ન રહેવું જોઈએ. કેટલું મળ્યું છે તેને સમગ્રતયા પૂર્ણ રીતે જીવવાનું છે તો જ જીવન જીવ્યા સાર્થક ગણાય. એટલે જ તો કબીર કહે છે.

જબ આયા તુ જગમે
જગ હસે તુ રોય,
કરની ઐસી કર ચલો,
તું હસે જગ રોય.

પ્રાચીન વૈદિક ઋષિમુનિઓનો યુગ હોય કે અત્યાધુનિક ડિજિટલ પણ હોય એમાં દરેક યુગના મનુષ્યની એક જ ઈચ્છા રહી છે કે, તે સમગ્ર જીવનશૈલી અપનાવે અને નિરંતર ઊર્જાવાન, પ્રાણવાન બને અને જીવન સાર્થક કરે.

જે પ્રકૃતિ વચ્ચે આપણે જીવીએ છીએ એ તમામ પ્રકૃતિ પૂર્ણ છે અધુરી એકપણ નથી પ્રકૃતિના પાંચ તત્વો, પૃથ્વી, જળ, અગ્નિ, આકાશ, વાયુ બધાં જ પૂર્ણ છે. એની જેમ મનુષ્ય પણ પૂર્ણ હોવો જોઈએ બનવું જોઈએ પણ સાંસારિક ભાગદોડમાં એવો અટવાઈ જાય છે કે એનું જીવન ખંડિત, ક્ષતવિક્ષિત બની જાય છે એટલુ જ નહિ તે વિભાજિત બની જાય છે.

આપણા જીવનનો ઉદેશ્ય શો છે ? આપણે કોણ છીએ ? કયાં જવાનું છે ? આ બધાં પ્રશ્નો જીવનપર્યત મનુષ્ય વાગોળ તો રહે છે. પણ એમાંથી બહાર નીકળી શકતો નથી આપણે બનાવેલી કરોળિયાની જાળમાંથી પણ આપણે જ નીકળવું પડશે. એવી જીવનશૈલી સમજાવવી પડશે કે જેમાં શારીરિક, માનસિક, ભાવનાત્મક, સામાજિક, બૌધ્ધિ અને આધ્યાત્મિક પાસાઓનું ભાગોનું સંતુલન સાધી શકીએ. એના માટે એમ કહેવાય છે કે

જે જાગત હૈ વો પાવત
હૈ,જો સોવત હૈ વો ખોવત હૈ

આપણી જીવનશૈલી એવી હોવી જોઈએ કે જીવન સાર્થક પૂર્ણ બને એ માટે આપણાં ખાનપાન, સ્વાસ્થ્ય, વ્યાયામ, સારી આદત, ધ્યાન, યોગ, સકારાત્મકતા જરૂરી છે. એનાથી વિશેષ માનસિક સ્વાસ્થ્ય જરૂરી છે. એ બધાની સાથે સારા સંબંધો, પ્રાણીમાત્ર ઉપર પ્રેમ, સર્વ પ્રત્યે સદ્ભાવ રહેવો જોઈએ. જેના દ્વારા જીવન આનંદમય અને સાર્થક બને છે.

આપણી સર્વગ્રાહી જીવનશૈલી એવી બનવી જોઈએ. જેમાં શ્રધ્ધાં, વિશ્વાસ પણ હોય, જેના દ્વારા આપણી આંતરિક ચેતના જાગૃત થાય છે. જેથી ‘હું’માંથી આપણે તરફ વળીએ છીએ કુટુંબકમની ભાવના જાગૃત થાય છે. પરિણામે જ્ઞાન, પ્રજ્ઞા પ્રગટે છે. જેના દ્વારા ધૃણામાંથી પ્રેમ, ક્રોધમાંથી કરૂણા પ્રગટે છે. સત્રુતામાંથી મિત્રતાનાં સંબંધો બંધાય છે.

વાસ્તવમાં મનુષ્યનું જીવન, સરળ, સ્વાભાવિક છે જ પણ આપણે આપણી સંકુચિતતા, સ્વાર્થતા અને દ્રૃષ્ટિ વિચારોથી તેને કલુશિત બનાવી દઈએ છીએ. એમાંથી બહાર આવીએ તો સ્વસ્થ શરીર, શાંત મન, સાત્વિક બુધ્ધિ અને નિર્મળ શુધ્ધ ભાવના જો હોય તો આત્મભાવ, આત્મજયોતિ પ્રગટે છે પ્રજજવલિત થાય છે. આને જ તો સર્વગ્રાહી જીવનશૈલી કહે છે. આપણી શુધ્ધ, પવિત્ર સર્વગ્રાહી શૈલી આપણી અંદર રહેલી મલીનતા, દુષ્ટતા, ક્ષુદતા, જડતાઓને તોડી નાંખે છે અર્થાત એમાંથી યુકત કરે છે. અને આપણું જીવન ઉર્દ્વગામી બનાવે છે. તતપશ્ચાતાપ જીવનમાં સાહિત્યકલા આનંદ પ્રમોદ જાગૃત થાય છે. ટૂંકમાં આપણામાં રચનાત્મકતા, સ્વાભાવિકતા સાથે જીવન જીવી શકીએ છીએ.

એક કહેવત જાણીતી છે. કેટલું જીવ્યા એનાં કરતાં કેવું જીવ્યા એ જરૂરી છે. સો વર્ષ બકરીની માફક નહિ પણ એક વર્ષ સિંહની જેમ જીવવામાં સાર્થકતા છે સફળતા છે છોડ ઉપર પૂર્ણરીતે ખીલેલું પુષ્પ શોભા વધારે છે અન્યની પ્રસન્નતામાં વધારો કરે છે એમ આપણું જીવન પણ સમગ્ર સંસાર સાથે જોડાઈને સાર્થક જીવન જીવીએ.

અંતમાં ઈશ્વરે જન્મ, મૃત્યુ એમની પાસે રાખ્યાં છે. જયારે જન્મ, મૃત્યુ વચ્ચેનું જીવન આપણી પર છોડી દીધું છે. એને કેમ ને કેવી રીતે જીવવું એ આપણા હાથની વાત છે છતાં કહ્યું કે ઈશ્વર કરે તે ખરૂં ઈશ્વર નહિ, મનુષ્ય કરે તે ખરૂં અસ્તું.



# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી

## ‘ગાંધી હૃદયમાં પડેલી છબીઓ’ બળવંતસિંહ–મહેન્દ્ર મેઘાણી

**ગાંધી–ગંગા**
(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

ગાંધીજી જેવા કઠોર વ્રતધારીએ લખ્યું છે કે, ‘‘એકલાં વ્રતો પાળ્યે પાર નથી ઊતરી શકાતું. સતત કીર્તન ચાલે ત્યારે વ્રતો ફળે. સારાં સારાં જીવનચરિત્રો આપણે વાંચતા રહીએ તો બળ મળે.’’ એ મહાપુરૂષના પોતાના હૃદયમાં કેવાં કેવાં નરનારીઓની છબીઓ પડેલી હશે તેની તારવણી ‘અક્ષરદેહ’ના સોએક ખંડોમાંથી કોઈ કરે, તો ઘણા મોટા વાચક સમુદાયને તેમાં રસ પડે અને બળ મળે. પણ અત્યારે ગાંધીજીની ‘આત્મકથા’માં છૂટીછવાઈ પડેલી એવી કેટલીક છબીઓ પર આપણે નજર નાખીએ.

બાળકને જગતમાં પ્રથમ પરિચય માતાનો થાય. એવાં માતા પૂતળીબાઈનું ચિત્ર ગાંધીજીએ બે વાક્યમાં આપ્યું છે : ‘‘માતા સાધ્વી સ્ત્રી હતી. તે બહુ ભાવિક હતી. કઠણમાં કઠણ વ્રતો તે આદરતી અને લીધેલાં વ્રત માંદી પડે તોપણ ન જ છોડે.’’

કરમચંદ ગાંધી વિશે એ કહે છે : ‘‘પિતા કુટુંબપ્રેમી, સત્યપ્રિય, શૂરા, ઉદાર પણ ક્રોધી હતા. કંઈક વિષયને વિશે આસકત પણ હશે. પિતાની કેળવણી કેવળ અનુભવની હતી. આમ છતાં વ્યવહારૂ જ્ઞાન એવા ઊંચા પ્રકારનું હતું કે ઝીણામાં ઝીણા પ્રશ્નોના ઉકેલ કરવામાં કે હજારો માણસોની પાસે કામ લેવામાં તેમને મુશ્કેલી ન આવતી.’’

બાળક મોહન ઉપર પ્રભાવ પાડનારી કદાચ ત્રીજી જ વ્યકિત રંભાબાઈ નામનાં એનાંદાઈ જોવા મળે છે. મોહન ભૂતપ્રેતથી ડરતો. તેનું ઔષધ રામનામ છે, એમ રંભાએ સમજાવ્યું. મોહનને તો રામનામ કરતાં રંભા ઉપર વધારે શ્રદ્ધા હતી. પણ જે બીજ બચપણમાં રોપાયું તે બળી ન ગયું. રામનામ જીવનભર ગાંધીજી સારૂં અમોઘ શકિત બની રહ્યાં, તેનું કારણ રંભાબાઈએ રોપેલું એ બીજ હતું.

## વાહ નસીબ

**બકોર પટેલની કહાણીઓ**
હરિપ્રસાદ વ્યાસ

બકોર પટેલના મિત્રમંડળને તો તમે ઓળખો છો. તેણે એક ક પુસ્તકાલય ખોલ્યું હતું. ત્યાં છાપાં પુસ્તકો આવે ને બધા મિત્રો ફુરસદે જઈ વાંચે. આ પુસ્તકાલયનું મકાન સાવ નાનું હતું. પુસ્તકો ગોઠવવાને સારાં કબાટ નહિ. બેસવાની પણ પૂરતી સગવડ નહિ. મિત્રમંડળના સભ્યો પણ વધી ગયા હતા.

બેસતા વર્ષના દિવસે બધા મિત્રો પુસ્તકાલયમાં ભેગા મળ્યા અને ઠરાવ્યું કે દેવદિવાળીના દિવસે પુસ્તકાલયને કોઈ સારા મકાનમાં ખસેડવું. બીજાં કબાટ, મેજ, ખુરસી વગેરે પણવસાવવાં.

સૌથી પહેલાં ગાડરખાં ઘીવાળા ઊભા થયા ને બોલ્યા : ‘‘મિત્રો, આપણે બધા થોડી થોડી મદદ કરીએ, તો આપણું પુસ્તકાલય સરસ બની જાય. વળી મિત્રમંડળની મિજલસ પણ ત્યાં ઊજવી શકાય. મારી પાસે તદ્દન નવાં જેવા બે બાંકડા છે તે હું પુસ્તકાલયને ભેટ આપું છું.’’

બધાં મિત્રોએ એમની વાતને તાળીઓ પાડી વધાવી લીધી.

વાઘજીભાઈ વકીલે બસો રૂપિયાની કિંમતનાં નવાં પુસ્તકો ભેટ આપવા કહ્યું. ડાકટર ઊંટડિયાએ છ નવી ખુરસીઓની ભેટ જાહેર કરી. સસમલ શેઠે ગાદી અને તકિયા આપવાની જાહેરાત કરી, હાથીશંકરે દીવાલે ટાંગવાની ઘડિયાળ આપવાનું જણાવ્યું. આમ બધા મિત્રોએ કંઈ ને કંઈ ભેટ આપવાની જાહેરાત કરી.

છેલ્લે વારો આવ્યો બકોર પટેલનો. એ તો યારના વિચારમાં પડ્યા હતા કે, મારે શાની ભેટ આપવી ?

એટલામાં ટીમુ પંડિત બોલી ઊઠ્યા : ‘‘પુસ્તકાલય માટે બધો સરંજામ મળી રહ્યો છે. મકાનની તજવીજ હું કરીશ. પણ હવે પુસ્તકો મૂકવા માટે બે મોટાં કબાટની ખોટ રહી. એ આપણા બકોર પટેલ આપે.’’

બકોર પટેલ મોં વકાસી બોલી ઊઠ્યા : ‘‘અરે, પંડિતજી ! મારી પાસે તો એક પણ ફાજલ કબાટ નથી. જોઈએ તો છસાત સારામાંની ખુરશી કાઢી આપું.’’

બધાં મિત્રો બોલી ઊઠ્યા : ‘‘કબાટ ન હોય તો તેની કિંમત જેટલી રકમ ભેટ આપો. તમારા તરફથી બે કબાટ તો જોઈએ જ.’’

પટેલે પૂછ્યું : ‘‘બે કબાટ કેટલી કિંમતનાં થાય ?’’

વાઘજીભાઈએ કહ્યું : ‘‘અરે, કંઈ બહુ નહિ લાગે. અઢીસો રૂપિયામાં થશે.’’

પટેલ તો રકમ સાંભળી ચોંકી ગયા. મનમાં વિચાર્યું : ‘આ લોકોએ મને બનાવવાનો જ પેંતરો રચ્યો લાગે છે. પણ એમ બને તે બીજા !’ લાંબો હાથ કરી બોલ્યા : ‘‘એવડી મોટી રકમ તો નહિ આપું. જોઈએ તો એ માટે ફાળો કરો. એમાં સો રૂપિયા મારા.’’

## પક્ષી જગત / સ્ટ્રિકડ સ્પાઈડરહન્ટર

સ્ટ્રિકડ સ્પાઈડરહન્ટર એ એક સુંદર અને ખાસ પ્રકારનું પક્ષી છે, જે મુખ્યત્વે દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયામાં જોવા મળે છે. આ પક્ષીનું શરીર લીલા રંગનું હોય છે અને તેના ઉપર કાળાં ધારીવાળાં (સ્ટ્રિકડ) નિશાન હોય છે. તેની ચાંચ લાંબી અને થોડી વક્ર એટલે કે વાંકી હોય છે, જે તેના મુખ્ય ખોરાક એટલે કે માખી, માખીઓનાં ઈંડાં અને પરાગ છોડમાંથી બહાર કાઢવા માટે ઉપયોગી છે. તે મુખ્યત્વે ફૂલોના રસ પીધા કરે છે અને સાથે સાથે નાના જીવજંતુઓ પણ ખાય છે.

તેનો અવાજ તેજ અને ખાસ પ્રકારનો હોય છે, જેને સાંભળવાની મજા પડે છે. તે ચિરચિરાટ કરતા અવાજો કાઢે છે. જેમ કે, ‘ચીટ... ચીટ... ચીટ...’ જે બહુ ઝડપથી સંભળાય છે.



આ પક્ષી ભારતના ઉત્તર પૂર્વ ભાગ, નેપાળ, ભુતાન, મ્યાનમાર, થાઈલેન્ડ, વિયેતનામ, મલેશિયા વગેરેમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે.

## ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

### આપણી અંદરના અર્જુનને ઓળખીએ

માનવીની સફળતાનો આધાર તેની સમુલતા પર છે. માત્ર બુધ્ધિ પ્રમાણે જીવે – નિષ્ફળતા ! એકલી લાગણીથી વર્તે – નિષ્ફળતા ! જિંદગીના રોપડાને ઘેઘૂર વૃક્ષ બનાવવા બુધ્ધિના સૂર્યનો પ્રકાશ અને હૃદયની લાગણીનું જળ – બન્ને જરૂરી ! રોપડાને પાણી વગર માત્ર તડકે રાખો –સૂકાઈ જશે. તેને છાયાંમાં રાખી ખૂબ પાણી આપો – કોહવાઈ જશે ! કોઈપણ કાર્ય બૌધ્ધિક સ્વીકાર બાદ લાગણીપૂર્વક કરવામાં આવે, તે સફળતાને વરે ! નકરી બુધ્ધિથી કામ કરનારનો સહજ સ્વીકાર ન થાય ને માત્ર કરનારનો સહજ સ્વીકાર ન થાય ને માત્ર લાગણીવેડા કરનારા વેવલામાં ખપે. ત્રાજવામાં સમતોલ રહી જે મત્સ્યવેધ કરે, તે અર્જુન સિધ્ધિની દ્રૌપદીને વરે.

## આદેશાત્મક ચિહનો




**પ્રવેશ એકતરફી યાત્રામાર્ગ (One Way)** : આ નિશાની સદર માર્ગનો માત્ર એક તરફ જવા માટે જ ઉપયોગ કરવાનો તથા સામેથી

**નવી પેઢી - નવો સંકલ્પ સલામત માર્ગ**

એટલે કે વિરૂધ્ધ દિશામાંથી વાહન આવી શકે નહિ તેવો આદેશ કરે છે.

## ટાબરીયાનું જંગ : જાવું જરૂર છે; મંઝિલ છો દૂર છે!

પછી કંદમૂળનાં ટુકડા પાણીમાં બોળી બોળીને તેઓએ આરોગ્યાં. આંબળા આંબલી પણ ચૂસી ચૂસીને ખાધાં. છેલ્લે ગોળ વડે મોં મીઠું કર્યું.

પછી તાપણું આખી રાત ભડભડ સળગતું રહે એ માટે પુષ્કળ લાકડાં મૂકીને ધૂંધવાતું રહેવા દીધું. ત્યારબાદ એક આંબલીનાં ઘટાદાર ઝાડ પર સઘળી સામગ્રી તેમજ હથિયારો સાથે ચઢી ગયાં. એ ઘેઘૂર ઝાડની ડાળીઓ વિશાળ કદ ધરાવતી હતી. પોતપોતાના ટુવાલને નાના આસનિયાં બિછાવીને સરસ પથારીઓ જેવી રચના કરી દીધી. ડાળની લગોલગ મજબૂતાઈ જાળવીને ઝોલા પણ બાંધી દીધાં. મચ્છર ભમરા જેવાં જીવજંતુઓથી બચવા ખૂબ કાળજી રાખીને જાળીદાર નેટ પણ બાંધી. ખરેખર નાયકે દાખવેલી સૂઝ બાળકોને કામ લાગી. જીપગાડીની ઉપર પથારી કરીને નાયક સૂતા હતા. એ સમયે નેટ કઈ રીતે બાંધવી એ વિનેતેમણે શીખવ્યું હતું. ધરા હીરો સાથે દૂધની બોટલ, ટોર્ચ, ઓડોમસ, વિક્સ વગેરે સાથે રાખીને આડી પડી. ને વિશુ દિશા પાસે પિસ્તોલ હાથવગી રાખીને આડો પડ્યો. અંધારૂં ઘેરાતાં પહેલાં થોડીવાર માટે જંગલમાં સૂનકાર છવાઈ રહ્યો. પછી તમરાઓનાં અવાજથી વસ્તી જેવું લાગ્યું. બાળકો ઘણા સમય સુધી સૂનમૂન રહ્યાં. કદાચ વિશુએ માછલી ખાવાની બાબતમાં ધરાદીદી જોડે જીભાજોડી કરી હતી એટલે. છેવટે બે’નાએ જ મૌન તોડ્યું. સરસ મજાના હાલરડાંની ટૂક ઝાડ પરનાં માળાઓમાં પોઢી ગયેલાં પંખીઓએ પણ સાંભળી.

ભોમકાની ગોદમાં પોઢીને જોયું સોણલું બારેમાસ–ચંદ્ર મંગળની સફરે જાજે, તિરંગાનું થાનક કરવાને. આઝાદીનાં અમૃત પર્વે, સવા અબજની આંખ્યું ખુલે. બાલુડાંને નીંદરૂં ના’વે મા ભારતી પ્રેમે ઝુલાવે.... પોઢી લ્યોને બાલુડાં મારાં ! નિરાંતવે જીવે આજ. જાગરણ કાલ કરવું પડશે, માભોમનું જતન કરવાને. આતંકનો સફાયો કરવાને, કે કેટલી સ્ટ્રાઈક કરવી પડશે. બાલુડાંને નીંદરૂં ના’વે મા ભારતી પ્રેમે ઝુલાવે.

એક તરફ ગગનમાં પૂર્ણિમાની શીતળ ચાંદની ને બીજી તરફ ઝાડ નીચે ભડભડ સળગતું તાપણું બંનેનાં સથવારે ધરા દિશાને હીરો સૂઈ ગયાં. પણ વિશુએ ઝાડ પર ચઢી જતાં જંગલી બિલાડાં વગેરેની વાતો ડાયરીમાંથી વાંચી લીધી હતી. તેથી માત્ર ઝોકાં ખાતો પડી રહ્યો. સહેજ પાંદડાં ખખડે જાગી જતો હતો. ટોર્ચનાં અજવાળમાં ઝાડનું થડ ડાળીઓ પર નજર નાખી દેતો હતો. આખરે મોંસૂઝણું થયું ને ઘસઘસાટ ઊંઘી ગયો. **(ક્રમશઃ)**



બાલમિત્રો,

થોડા સમય પહેલા બોર્ડનાં પણિામો જાહેર થર્યા અન્ય પરીક્ષાના પણ પરિણામો આવ્યો. પરિણામ પછી છાપા, ચોપાનિયામાં સફળ વિદ્યાર્થીઓના ફોટા જોતાં હશો. મનમાં થતું હશે કે, મારે પણ સારા માર્કસ લાવી ફોટા છપાવવો છે. સારી વાત છે. દરેક બાળકની તમન્ના, ઈચ્ધા હોય જ, તમારા માતા–પિતા પણ એવું ઈચ્છતાં હોય છે. કે પોતાનો દીકરો કે દીકરી નામ સાર્થક કરે.



બાલમિત્રો, તમને કહી દઉ કે એ ફોટા સાવ મફતમાં છપાતા નથી. એ બાળકોએ બોર્ડમાં કે જાહેર પરીક્ષાઓમાં ઝળહળતું પરિણામ લાવવામાં જાત ઘસી નાંખી છે. રાત–દિવસ મહેનત કરી છે. બુધ્ધિ પુર્વકનું વાંચન, લેસન કર્યુ હોય છે. એક ધ્યેય પ્રાપ્ત કરવામાં તમામ મોજ મસ્તી ઘોડી દીધા હોય છે. જો તમે એ બધુ કરશો તો ચોકકસ તમારો ફોટો પણ છાપામાં સાવ મફત એટલે કે શાળાઓ છાપશે. એટલે નિશાળો શરૂ થવામાં છે, મહેનત કરવામાં કયારેય પાછીપાની કરશો નહિ. સફળતા તમારી રાહ જુએ છે.

## ‘માણસ એટલે...’

**સંસ્કાર ગાથા**
શ્રી ગિજુભાઈ બધેકા પૂ.શ્રી મુકતાનંદ બાપુ

યમરાજ અને નારદ વચ્ચે વાદવિવાદ થયો. નારદજીને યમરાજે કહ્યું :

‘મનુષ્યો તો સીધાને સરળ સ્વભાવના હોય છે.’

યમરાજની વાત સાંભળીને નારદજીએ માથું ધૂણાવ્યું. તેઓ બોલ્યા :‘યમરાજજી, તમે માણસને ઓળખતા નથી. હું તો મનુષ્યને ખૂબ જ નજીકથી ઓળખું છું. મેં પૃથ્વી પર અનેકવાર પરિભ્રમણ કર્યુ છે.એક વાત સાંભળો. તમારે મરેલા માણસો સાથે વાસ્તો છે. જયારે જીવતા માણસ સાથે તમે સંપર્કમાં આવશો, ત્યારે તમારી ધારણાં બદલાઈ જશે. હું કહું છું કે માણસ એટલે ચતુર ને ચાલાક.’

નારદજીની વાતનું પારખું કરવાની ઈચ્છાથી યમરાજે પોતાના દૂતોને હુકમ કર્યો.

‘જાઓ તમે ને પૃથ્વી પરથી જીવતા માણસને પકડી લાવો.’

યમદૂતો પૃથ્વી પર પહોંચ્યા, ત્યારે એમને સૌથી પહેલાં લખન નામનો ખેડૂત મળ્યો. દૂતોએ એને પકડી લીધો ને કહ્યું : ‘ચાલ, તને યમરાજે બોલાવ્યો છે.’

‘થોડીવાર થોભો. હું મારી પત્નીને બાળકોને મળી લઉં. પછી તમારી સાથે આવીશ.’

તે ચાલાક લખન ઘરમાં ગયો ને એણે ભગવાનના નામે યમરાજ પર હુકમનામું તૈયાર કર્યુ :

‘યમરાજ, તું હ કમનામું જોતાં જ તરત જ તારો કારોબાર લખન પટવારીને સોંપી દે. તને આજથી પેન્શન પર ઉતારવામાં આવે છે.’તે હુકમનામું લઈને યમદૂતો સાથે યમરાજ સામે પહોંચ્યો. એણે ખૂબ જ નરમાશથી ભગવાનના નામે તૈયાર કરેલ હુકમનામું યમરાજના ચરણોમાં રાખી દીધું. ભગવાનનો હુકમ ભલા કોણ ટાળી શકે ?

યમરાજ માણસની ચાલાકીમાં આવી ગયો. એણે ભગવાનનું હુકમનામું વાંચતા જ લખન ખેડૂતને યમલોકનો બધો કારભાર સોંપી દીધો. પછી લખન યમરાજની ગાદી પર બેઠો ને એણે યમરાજના બધાં જ કાયદા–કાનૂન પલટી નાંખ્યા. લખને હુકમ કર્યો :

‘નરકમાં સબડતા બધાં જ પાપીઓને સ્વર્ગમાં મોકલી દો અને સ્વર્ગમાં જે પુણ્યાત્માઓ છે તેને નરકમાં પટકો.’

યમરાજ બની બેઠેલા લખનના આ હુકમથી નર્કલોક ને સ્વર્ગલોકમાં ખળભળાટ મચી ગયો.

ચોમેર હાહાકાર મચી ગયો. દેવતાઓમાં ગભરાટ વ્યાપી ગયો. સમસ્ત દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે ગયા ને યમલોકના આંધળા કાયદાઓ કહી સંભળાવ્યા.

દેવતાઓની વાત સાંભળીને ભગવાન વિષ્ણુને પણ નવાઈ લાગી. એમણે યમરાજને બોલાવીને પૂછ્યું :‘તમે આ બધી શી ગરબડ મચાવી છે ?’

‘દીનબંધુ, તમે હુકમનામું બહાર પાડીને, મારી પાસેથી સત્તા છીનવીને, લખનને સોંપી છે ને મને પૂછો છો ?’‘આવું કોઈ હુકમનામું મેં કાઢ્યું જ નથી. જાવ લખન ખેડૂતને પકડીને મારી સામે હાજર કરો.’

લખન આવ્યા પછી વિષ્ણુએ પૂછ્યું :‘તને મારા નામે હુકમનામું લખવાનું કોણે કહ્યું ? તું તો પૃથ્વીવાસી છે. તને યમલોકમાં કોણ લાવ્યું ? ‘દીનાનાથ, યમરાજે કાયદા વિઢ્ઢ જઈને મને જીવતો પકડાવીને યમપુરીમાં બોલાવ્યો. મને થયું કે યમરાજ મારી સાથે ગેરવર્તાવ જ કરશે. એથી મેં મારી જાતના રક્ષણ માટે આ કાર્ય કર્યુ છે.’

ભગવાન વિષ્ણુએ બધી વાતની માહિતી મેળવીને વિચાર્યું કે ઝઘડો તો લખનને યમરાજ વચ્ચે હતો, પણ એણે પુણ્યાત્માઓને નરકમાં નાખીને ભારે અનિષ્ટ કર્યું. એથી લખનને સજા મળવી જોઈએ.

વિષ્ણુએ તત્કાળ હુકમ કર્યો : ‘લખનને કુંભીપાંક નર્કમાં નાખો.’ હુકમ સાંભળીને લખન બે હાથ જોડીને ભગવાનને કહેવા લાગ્યો : ‘પ્રભુ આપની આજ્ઞા હું માથે ચડાવું છું. પણ મને થોડા સમય માટે પૃથ્વી પર જવા દો. પાછો ફરીને હું દંડ ભોગવવા તૈયાર છું.’

‘પૃથ્વી પર તું શા માટે જવા માંગે છે ?’ ‘ભગવાન, હું પૃથ્વી પર જઈને મારા દેશવાસીઓને સમજાવવા માગું છું કે એ લોકો ભગવાનના પૂજાપાઠ વ્યર્થ કરે છે. ભગવાનના દર્શનથી તો નરકમાં જવું પડે છે મને ભગવાનનાં દર્શન થયા ને મારે જ કુંભીપાક નરકમાં જવું પડશે.’

લખનની ચતુરાઈને ચાલકીભરી વાતો સાંભળીને વિષ્ણુ સહિત સૌ દેવતાઓ ગભરાઈ ગયા. એમને થયું કે લખનની વાતથી તો પૃથ્વી પરથી ભગવાનની પૂજા બંધ થઈ જશે.

દેવતાઓએ વિષ્ણુને પ્રાર્થના કરી :લખનને કુંભીપાક નર્કનો દંડ યોગ્ય નથી. લખનને ઘણું બધું ધન આપીને પૃથ્વી પર મોકલવો જોઈએ, નહિ કે નર્કમાં.

ભગવાને લખનને ધન આપીને પૃથ્વી પર મોકલ્યો. પૃથ્વી પર પહોંચીને લખનને થયું કે એના મોત પછી યમરાજ બરાબરનો બદલો લેશે.

વળી તે ચતુરાઈપૂર્વક ચાલાકી કરવાનું વિચારવા લાગ્યો. લખન લોભી ને કંજૂસ હતો. તેથી તે કોઈ સત્કર્મ કે દાનપુણ્ય ન કરી શક્યો. એ દેવામાં નહિ પણ લેવામાં જ માનતો હતો. એણે આખી જિંદગી વિચારવામાં જ ખર્ચી નાખી.

હા, મૃત્યુ વખતે એણે એક ઘરડી ને વસુકી ગયેલી ગાયનું દાન કરીને પુણ્ય મેળવ્યું. મૃત્યુ પછી યમરાજ સામે પહોંચ્યો, ત્યારે યમરાજે લખનને પુછયું :‘પહેલાં તું પુણ્યનું ફળ ભોગવવાનું પસંદ કરીશ કે પાપનું ?’‘પુણ્યનું’ લખને જવાબ આપ્યો.યમરાજે એને સંમતિ આપી.

દાન કરેલી ગાય લખનની સામે હાજર થઈ ને લખનને પૂછવા લાગી :‘બોલો, મારા માટે શી આજ્ઞા છે ?’લખને કહ્યું :

‘હે ગૌમાતા, તમે તો મારા પુણ્યનું ફળ છો. મારી એક જ ઈચ્છા છે. શું તમે મારી ઈચ્છા પૂરી કરશો ?’ગાય સામે આવીને બોલ :

‘બોલો, શી આજ્ઞા છે ?’

લખને કહ્યું :‘હે ગૌમાતા, તમે તમારા બે ય શિંગડા યમરાજના પેટમાં ધૂસાડી દો. જયાં સુધી તેમનો પ્રાણ ન નીકળી જાય, ત્યાં સુધી શિંગડા મારતા રહો.’બસ, લખનનો હુકમ થતાં જ ગાયે હડી કાઢી. યમરાજ જીવ લઈને નાઠ્યાં. તેમણે ગાયને ખૂબ આજીજી કરી, ત્યારે તે માની. બધાં દેવતાઓ વચ્ચે પડયાં અને તોડ કાઢ્યો કે લખનને સ્વર્ગમા સ્થાન આપવું.યમરાજે બે હાથ જોડીને નારદજીને કહ્યું :

‘મુનિવર, આપની વાત સો ટકા સાચી. હવે હું સમજી ગયો કે માણસ એટલે...’

# અમરેલી : વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા




અમરેલી વિ પર્યાવરણ દિવસ–૨૦૨૬ ની ઉજવણી અંતર્ગત અમરેલી નગરપાલિકા દ્વારા નગરપાલિકા હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તથા ચીફ ઓફિસર વી.સી. રાઠોડની ઉપસ્થિતિમાં નગરપાલિકાના સભ્યઓ, કર્મચારીઓ તેમજ વિવિધ એનજીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે બીપીનભાઈ જોશી તથા શ્રીમતી અક્ષતાબેન કાલે દ્વારા પર્યાવરણ સંરક્ષણ, જળવાયુ પરિવર્તન (કલાઈમેટ ચેન્જ), કુદરતી સંસાધનોના સંવર્ધન અને નાગરિકોની જવાબદારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે વર્તમાન સમયમાં પર્યાવરણ સામે ઊભા થયેલા પડકારો તથા તેના નિવારણ માટે સામૂહિક પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત સોર્સ સેગ્રેગેશન (ઘરેથી જ કચરાનું અલગકરણ)ના મહત્વ અંગે ચર્ચા કરવામાં આવી હતી. કચરા વ્યવસ્થાપનમાં આવતી સમસ્યાઓ, તેના ઉકેલો તથા અમરેલી શહેરમાં પર્યાવરણ સંબંધિત વિવિધ મુદ્દાઓ અંગે ઉપસ્થિત સભ્યો દ્વારા વિચાર–વિમર્શ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ચીફ ઓફિસર વી.સી. રાઠોડ દ્વારા પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા અને હરિયાળા શહેરના નિર્માણ માટે નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપવામાં આવી હતી તેમજ સૌને પર્યાવરણ પ્રત્યે વધુ જવાબદાર બનવા અપીલ કરવામાં આવી હતી. ત્યારબાદ વીર મનીષ મહેતા પાર્ક ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત મહાનુભાવો, પદાધિકારીઓ, સભ્યો, કર્મચારીઓ તથા એનજીઓના પ્રતિનિધિઓ દ્વારા વૃક્ષારોપણ કરી હરિત અને સ્વચ્છ અમરેલીના નિર્માણ માટે સંકલ્પ વ્યકત કરવામાં આવ્યો હતો. અમરેલી નગરપાલિકા દ્વારા આયોજિત વિ પર્યાવરણ દિવસ–૨૦૨૬ની ઉજવણીનો કાર્યક્રમ પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણ સંરક્ષણના સંદેશને વધુ વ્યાપક બનાવવા માટે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું ખેડૂતોને ધમકાવીને કંપનીઓ

હોય નહીં, પરંતુ થાંભલાં નાખવાના કારણે જે જમીનની માર્કેટ વેલ્યુ ઘટી જાય છે, તે મૂળ માર્કેટ વેલ્યુનું વળતર આપવાનું હોય છે, પરંતુ એની કોઈ ચર્ચા પણ કરતા નથી. આવું વળતર ન ચૂકવવું પડે એટલા માટે ભાડે પોલીસ લઈને આવીને બળ જબરીપૂર્વક પ્રાઈવેટ કંપનીના થાંભલા ખેડૂતના ખેતરમાં નાખી દેવામાં આવે છે.

વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, બીજો મુદ્દો એ કે હાલ એક ખેડૂત દાખલા તરીકે પાંચ લાખના વળતરમાં રાજી થઈ જાય છે અને ભવિષ્યમાં એમના બે દીકરા માટે જમીનના બે ભાગ પડે છે અને એક દીકરાના ભાગમાં થાંભલા વાળી જમીન આવે છે તો એનું શું ? કારણ કે કંપની કે સરકાર આ વિષય નથી વિચારતી. બીજી બાબત એ કે ઘણા ખેડૂતોની જમીન એવી જગ્યાએ હશે કે જેની નજીકમાં જ મોટું શહેર હશે અને ચાર પાંચ વર્ષ બાદ એક ખેતર સુધી શહેર આવી જશે અને એ ખેતરને એનએ કરીને તેના પર બિલ્ડીંગ બનવાના ચાન્સ વધી જશે. પરંતુ જો જમીનમાં થાંભલા હશે તો ત્યાં કોઈપણ પ્રકારની બિલ્ડીંગ ઊભી થઈ શકશે નહીં કે કોઈ પણ પ્રકારનો બાંધકામ થશે નહીં, એવું કહે છે કે જેટલી જમીનમાં થાંભલો નાખે છે એટલી જમીનનું સંપાદન કરીને માર્કેટ વેલ્યુ પ્રમાણે જ ખરીદી જ લેવી જોઈએ. હાલમાં કલેકટરને અંગ્રેજોના કાયદા પ્રમાણે બધી સત્તા આપી દેવામાં આવી છે. જમીનની સ્થિતિ બદલાઈ, નવી પેઢી આવી, નવી ટેકનોલોજી આવી, નવા સાધનો આવ્યા, તો કાયદો પણ એ પ્રમાણે સમય સાથે બદલાવવું જોઈએ. કાયદો ૧૮૮૫નો અને વીજળીના તાર નાખવામાં આવે છે ૨૦૨૬માં તો આ કેવી રીતે ચાલશે ?

વધુમાં જણાવ્યું હતું કે, જો વીજળીના ટાવર અને ટ્રાન્સમિશન લાઈનો ૨૦૨૬માં નાખી શકાય છે, તો તેના માટેનો કાયદો પણ ૨૦૨૬ની જરૂરિયાતો અને સમાજના પ્રશ્નોને અનુરૂપ હોવો જોઈએ. પરંતુ સરકાર જૂના કાયદાનો ગેરલાભ લઈને ખેડૂતો પર જબરદસ્તી કરી રહી છે. મને એવું લાગે છે કે પહેલાં બધા ટાવર નાખી દેવામાં આવશે અને પછી કાયદામાં સુધારો કરવાની વાત કરવામાં આવશે. જયારે ટાવર નાખવા માટે કંપનીના લોકો આવે છે ત્યારે તેઓ ચોક્કસ માહિતી પણ આપતા નથી કે ટાવર કઈ જગ્યાએ મૂકવામાં આવશે. દસ વીઘાનું ખેતર હોય તો કોઈ પ્રભાવશાળી વ્યકિતનું ખેતર બચાવી લેવામાં આવે છે અને સામાન્ય ખેડૂતના ખેતરમાંથી ટાવર પસાર કરવામાં આવે છે. આજે પ્રાઈવેટ કંપનીઓ ટાવર નાખે છે અને ખેડૂતોને એક વખતનું વળતર આપે છે, પરંતુ એ જ કંપનીઓ આજીવન વીજળીના ટ્રાન્સમિશનમાંથી કમાણી કરતી રહે છે. ખાવડા–કચ્છમાં સોલાર પ્લાન્ટથી વીજળી ઉત્પન્ન થાય, તે ટાવર મારફતે શહેરોમાં પહોંચે અને કંપનીઓ વર્ષો સુધી નફો કમાય, જયારે ખેડૂતને માત્ર એક વખત થોડા લાખ રૂપિયાનું વળતર મળે. તેથી કંપની જે કમાણી કરે છે તેમાં ખેડૂતને આજીવન હિસ્સો મળવો જોઈએ અથવા તો જમીન સંપાદન કરીને ખરીદી લેવી જોઈએ. માત્ર એક વખતનું વળતર પૂરતું નથી, કારણ કે જમીનની બજાર કિંમત ઘટે છે, ભાગ બટાવામાં મુશ્કેલી પડે છે, ખેતીના ઉપયોગમાં અડચણ આવે છે અને જમીન પરના આકાશીય અધિકારો પણ અસરગ્રસ્ત થાય છે. કાયદો કહે છે કે જમીન માલિકને જમીન ઉપરના અમુક મીટર સુધીના આકાશ પર પણ અધિકાર હોય છે. જો ટાવર અને લાઈનોને કારણે નાળિયેરી કે અન્ય ઊંચા વૃક્ષો વાવી ન શકાય તો તેના નુકસાનનું વળતર કોણ આપશે ?

વધુમાં જણાવ્યું કે, ટાવર ઊભા થયા પછી માત્ર એક વખત વળતર આપવાથી પ્રશ્ન પૂર્ણ થતો નથી. દર વર્ષે મેન્ટેનન્સ માટે કંપનીના માણસો, વાહનો અને સાધનો ખેતરોમાં આવે છે, રસ્તાઓનો ઉપયોગ કરે છે અને નુકસાન પહોંચાડે છે. તેનું વળતર દર વર્ષે કોણ આપશે ? કંપનીઓ તો સો–બસો વર્ષ સુધી કમાણી કરશે, પરંતુ ખેડૂતને માત્ર એક વખતનું વળતર આપવામાં આવે છે. મેં આ તમામ મુદ્દાઓ ગુજરાત વિધાનસભામાં ઉઠાવ્યા છે અને ખેડૂતોને યોગ્ય હક્ક અને વળતર મળે તે માટે કાયદાકીય જોગવાઈ કરવાની માંગ કરી છે. હાલમાં ૧૮૮૫નો કાયદો અમલમાં છે, જે લગભગ ૧૪૦ વર્ષથી પણ વધુ જૂનો છે. સરકાર પોતાને ખેડૂતોની હિતેચ્છુ કહે છે, તો પછી નવા સમયને અનુરૂપ નવો વળતર કાયદો કેમ નથી બનાવતી ? ૧૮૮૫ના કાયદાનો આધાર લઈને કલેકટર અને પોલીસ તંત્રનો ઉપયોગ કરીને ખેડૂતોના ખેતરોમાં જબરદસ્તીથી ટાવર નાખવાની કાર્યવાહી શા માટે કરવામાં આવે છે ? આ મુદ્દે મેં ૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભામાં કાયદાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. મારી સરકાર અને તમામ ખેડૂતોને અપીલ છે કે ગુજરાતમાં નવો અને ન્યાયસંગત વળતર કાયદો બનાવવાની માંગ માટે એકજૂથ થઈને અવાજ ઉઠાવવો જોઈએ.

વધુમાં જણાવ્યું હતું કે, પ્રાઈવેટ કંપનીઓ ભાજપના નેતાઓને ભરપૂર લાભ પહોંચાડે છે અને તેના કારણે ખેડૂતોના હિતમાં જરૂરી સુધારા કરવામાં આવતા નથી. ખેડૂતોને એક લાખ, પાંચ લાખ કે આઠ લાખ રૂપિયાનું વળતર આપી દેવું એ કોઈ સમસ્યાનો કાયમી ઉકેલ નથી. તેના કરતાં પણ મોટો પ્રશ્ન એ છે કે આખા ગુજરાતમાં મનફાવે તેવી દિશામાં વીજળીની લાઈનો અને ટાવરો નાખવામાં આવી રહ્યા છે. કઈ લાઈન કયાંથી કયાં જાય છે તેની કોઈ સુવ્યવસ્થિત યોજના જોવા મળતી નથી. સરકારે પૈસા કમાવવાની માનસિકતા છોડીને સમગ્ર ગુજરાત માટે એક નિશ્ચિત અને આયોજનબદ્ધ કોરિડોર બનાવવો જોઈએ. કચ્છ, દક્ષિણ ગુજરાત કે ઉત્તર ગુજરાતમાંથી નીકળતી તમામ વીજળી લાઈનો માટે અલગ–અલગ નિર્ધારિત રૂટ નક્કી થવા જોઈએ. હાલમાં જે કંપનીને જયાં અનુકૂળ પડે ત્યાંથી લાઈનો પસાર કરવામાં આવે છે. રસ્તામાં નજર કરીએ તો ટાવરો અને લાઈનો કોઈ આયોજન વગર જુદી–જુદી દિશામાં જતા દેખાય છે. જો વિમાનો માટે આકાશમાં ચોક્કસ રૂટ નક્કી થઈ શકે છે, તો વીજળીની લાઈનો માટે પણ એક ડેડિકેટેડ કોરિડોર કેમ ન બનાવી શકાય ? આજે ખેડૂતો અને યુવાનો બંનેએ આ મુદ્દે જાગૃત થવાની જરૂર છે. સરકાર પાસે વિધાનસભામાં બહુમતી હોવા છતાં ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા કે સારા કાયદા બનાવવા માટે ગંભીર પ્રયાસો કરવામાં આવતા નથી. તેના બદલે ખેડૂતોનું શોષણ થઈ રહ્યું છે અને પોલીસ તંત્રનો ઉપયોગ કરીને તેમને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે પ્રાઈવેટ કંપનીઓના ટાવર ઊભા કરાવવા માટે પોલીસ આગળ આવે છે, પરંતુ જયારે સામાન્ય માણસને પોલીસની જરૂર પડે ત્યારે તેની ફરિયાદ પણ સાંભળવામાં આવતી નથી. સાઈકલ ચોરી થઈ હોય, મારામારી થઈ હોય કે અન્ય કોઈ ગંભીર ગુનો બન્યો હોય ત્યારે લોકો પોલીસ પાસે ધક્કા ખાય છે, પરંતુ પ્રાઈવેટ કંપનીઓના હિત માટે તંત્ર તાત્કાલિક સક્રિય થઈ જાય છે. આ સ્થિતિ બદલવાની જરૂર છે અને ખેડૂતોના હક્કોનું રક્ષણ થાય તે માટે સરકારએ નીતિ અને કાયદામાં જરૂરી સુધારા કરવા જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં સહકારી શિરોમણી દિલીપ સંઘાણીને

સહકારીક્ષેત્ર, ઈફકો પરિવાર અને દેશના કરોડો ખેડૂતો માટે ગૌરવની ક્ષણ બની છે.

નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસના પ જુનના રોજ સ્થાપના દિવસે આયોજીત વાર્ષિક સામાન્ય સભામાં એવોર્ડ પ્રદાન કરવામાં આવેલ. સંઘાણી હાલ અમેરિકાના પ્રવાસે હોઈ, તેમના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયાએ એવોર્ડ સ્વિકારેલ આ તકે દેશના ગણામાન્ય સહકારી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, દિલીપ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આધુનિક કૃષિ તકનીકોનો પ્રસાર, સહકારી ક્ષેત્રનું વિસ્તરણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રે નોધપાત્ર કામગીરી સહકારીક્ષેત્રને નવી દિશા અને ગતિ પ્રદાન કરી રહી હોવાનું અંતમાં જણાવાયેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી પંથકમાં પ૧ હજાર વૃક્ષોનું

મુકામે વૃક્ષારોપણની સાથે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. અહીં અંદાજે રૂા. ૩૦ લાખથી વધુના ખર્ચે વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવશે, જેના થકી જનસુવિધામાં વધારો થશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સસ્ટેનેબલ ડેવલપમેન્ટના વિચારને બેક ટુ બેઝિકથી આગળ ધપાવવા રોજીંદા જીવનમાં પર્યાવરણ આધારિત જીવન શૈલી અપનાવવી જરૂરી છે. આજે સૌથી મોટી સમસ્યાઓ પૈકીની એક સમસ્યા વૈકિ તાપવૃદ્ધિની છે. વધુમાં વધુ વૃક્ષારોપણ થકી પર્યાવરણને વધુ સુરક્ષિત બનાવી શકાય છે.

રાજયમંત્રીએ કુંકાવાવ મોટી ખાતે પર્યાવરણ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં જણાવ્યું કે, સમગ્ર અમરેલી વિધાનસભા વિસ્તારમાં પ૧ હજાર વૃક્ષોનું વાવેતર કરીને હરિયાળું અમરેલી બનાવવાની નેમ સાકાર કરવાનું લક્ષ્યાંક છે. રાજયમંત્રીએ ઉમેર્યુ કે, દરેક ગામદીઠ ૨પ ગામોમાં ૨–૨ હજાર વૃક્ષોનું વાવેતર કરવાનું અને તેનો ઉછેર કરવાનું લક્ષ્યાંક છે. સાથે અમરેલી શહેરમાં પણ ૧ હજાર વૃક્ષનું વાવેતર કરવાનું લક્ષ્યાંક છે. પર્યાવરણનું સંરક્ષણ કરવાની સાથે વૃક્ષોનું વાવેતર કરીને તેનું જતન કરી વૃક્ષનો ઉછેર કરવો એ આપણી સૌની નૈતિક જવાબદારી છે.

ઉલ્લેખનીય છે કે, લોકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતતા વધે તે હેતુથી તા. પમી જૂને 'વિ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસની ઉજવણી પર્યાવરણને બચાવવા તેમજ તેને વધારવામાં વ્યકિતઓ, સમુદાયો દ્વારા ચોક્કસ અભિપ્રાય અને જવાબદાર વર્તન માટેનો આધાર પ્રદાન કરવાની તક પૂરી પાડે છે. આ દિવસ પ્રકૃતિ અને પૃથ્વીના રક્ષણ માટે સકારાત્મક પર્યાવરણીય પગલાં લેવા માટે વૈકિ જાગૃતિ લાવવા માટે પણ ઉજવવામાં આવે છે.

અમરેલી સહિત વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણ દિવસની ઉજવણી પ્રસંગે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત હોદ્દેદારો, ગ્રામ પંચાયત સરપંચ અને સભ્યો, સ્થાનિક આગેવાનો સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત ગર્લ્સ સંકુલ
વ્યાજબી ફી – સારૂ શિક્ષણ ઉચ્ચ પરિણામ
ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી ટ્રાઈમંથલી Exam
KG થી ૧૨ ICSE GSEB ઈંગ્લીશ મિડીયમ – કોમર્સ સાયંસ
KG થી ૧૨ ગુજરાતી મિડીયમ આર્ટસ કોમર્સ સાયંસ
સુવ્યવસ્થિત સ્કૂલ એક્ટીવીટી હોસ્ટેલ ભોજનાલય મેડીકલ સારી વ્યવસ્થા
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
રક્ષા–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી–Ad096

### વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે

# જાફરાબાદનાં લુણસાપુર ગામે ઈન્ડો એશિયા કોપર કંપની દ્વારા વૃક્ષારોપણ કરાયુ

### શ્રી ધનેશ્વર મંદિરનાં નિમાર્ણ માટે ૧૧.પ૧ લાખનુ યોગદાન કર્યુ



અમરેલી, તા. પ

જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામ ખાતે વિ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા વિશાળ વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત લુણસાપુર ગ્રામ પંચાયત દ્વારા ફાળવેલી જમીનમાં ઈન્ડો એશિયા કોપર લિમિટેડ કંપની ૩,૦૦૦ વૃક્ષોના વાવેતર કરશે.

આ કાર્યક્રમ અંતર્ગત વિ પર્યાવરણ દિવસ નિમિત્તે લુણસાપુર ગ્રામ પંચાયત દ્વારા ફાળવવામાં આવેલી જમીનમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમજ આગામી જૂન–૨૦૨૬ સુધીમાં અંદાજિત ૩,૦૦૦ વૃક્ષોનું વાવેતર પૂર્ણ કરવામાં આવશે. પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વિકાસ અને ભાવિ પેઢી માટે સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ નિર્માણના ઉદ્દેશ સાથે કંપની દ્વારા આ પહેલ કરવામાં આવી છે. માત્ર વૃક્ષારોપણ પૂરતું જ નહીં, પરંતુ આગામી ચાર વર્ષ સુધી આ તમામ ૩,૦૦૦ રોપાઓની નિયમિત સંભાળ, જાળવણી અને સંરક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા લેવામાં આવશે ચાર વર્ષ પૂર્ણ થયેથી જગ્યા તેમજ વૃક્ષો ગ્રામ પંચાયતને સુપરત કરવામાં આવશે.

ઉપરાંત, આ જ સ્થળે આવેલ ધનેર મહાદેવ મંદિર, જેનું હાલમાં કોઈ પાકું બાંધકામ કરવામાં આવ્યું નથી, તેના વિકાસ માટે ગ્રામજનોની માંગણીને ધ્યાનમાં રાખીને ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા રૂ. ૧૧,પ૧,૦૦૦/–ના અંદાજિત ખર્ચે મંદિરનું બાંધકામ કરવાની અને પૂર્ણ થયા બાદ તે ગ્રામ પંચાયતને અર્પણ કરવાની જવાબદારી ઈન્ડો એશિયા કોપર લિમિટેડ કંપની દ્વારા લેવામાં આવી છે.

કંપનીના ડાયરેક્ટર હરેશ વોરાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજુલા, જાફરાબાદ અને ખાંભા વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, રાજુલા પ્રાંત અધિકારી ડો. મેહુલ બરાસરા, જાફરાબાદ મામલતદાર એમ.બી. લકુમ, જાફરાબાદ તાલુકા વિકાસ અધિકારી જે.આર. જાની, જાફરાબાદ ટાઉન પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એ. દેસાઈ તેમજ જાફરાબાદ મરીન પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગોહિલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત, લુણસાપુર ગ્રામ પંચાયતના સરપંચ પ્રકાશભાઈ કોટીલા, જાફરાબાદ તાલુકા પંચાયતનાં પ્રમુખ ગીતાબેન ઘનશ્યામભાઈ ડાભી, જાફરાબાદ તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ રૂપેશભાઈ નાગજીભાઈ સાંખટ, જાફરાબાદ તાલુકા પંચાયતનાં સદસ્ય દીપિકાબેન તુષારભાઈ ત્રિવેદી, અમરેલી જિલ્લા પંચાયત સદસ્ય શારદાબેન કરશનભાઈ ભીલ, જાફરાબાદ તાલુકા પંચાયતનાં પૂર્વ સદસ્ય શિવરાજભાઈ કોટીલા, ટિંબી માર્કેટિંગયાર્ડના ચેરમેન ચેતનભાઈ શિયાળ, ગુજરાત નિયંત્રિત બજાર સંઘના ચેરમેન જિગ્નેશભાઈ પટેલ, કંપનીનાં પ્રતિનિધિ મેહુલભાઈ સપરિયા, લોઠપુર ગામના અગ્રણી ધીરૂભાઈ ખુમાણ, સિન્ટેક્સ રિલાયન્સ કંપનીના પ્રતિનિધિઓ તેમજ લુણસાપુર ગ્રામ પંચાયતના સદસ્યઓ અને ગામના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કંપનીના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ પર્યાવરણના સંરક્ષણ માટે વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા તથા તેનું જતન અને સંવર્ધન કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા હાથ ધરાયેલ આ અભિયાન કંપનીની પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ છે. વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ અને ગ્રામ વિકાસ સાથે ધનેર મહાદેવ મંદિરના નિર્માણ જેવી પહેલો દ્વારા કંપની સ્થાનિક સમુદાયના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. કંપની ભવિષ્યમાં પણ પર્યાવરણ સંરક્ષણ અને સમુદાય વિકાસ માટે આવા વિવિધ કાર્યક્રમો યોજતી રહેશે.

# બાબરા : વિ પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

વિ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે લાઠી શહેર ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણના સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેર ભાજપ સંગઠન, લાઠી નગરપાલીકાના ચુંટાયેલા પ્રતીનીધિઓ, મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો, નગરજનો તથા યુવાનો જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ જાતિના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવવા માટે સૌને વધુમાં વધુ વૃક્ષો વાવવા અને તેનું જતન કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર પર્યાવરણનું સંતુલન જાળવવામાં જ નહીં પરંતુ માનવ જીવનને શુદ્ધ હવા, ઓક્સિજન અને સ્વસ્થ વાતાવરણ પ્રદાન કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આજના સમયમાં વધતા પ્રદૂષણ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ગંભીર સમસ્યાઓ સામે લડવા માટે વૃક્ષારોપણ સૌથી અસરકારક ઉપાય છે. દરેક નાગરિક પોતાના જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેની જવાબદારીપૂર્વક સંભાળ રાખે તો પર્યાવરણના સંરક્ષણમાં મોટું યોગદાન આપી શકે છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ પણ પર્યાવરણ જાગૃતિ અંગે પોતાના વિચારો વ્યકત કર્યા હતા અને હરિયાળા ગુજરાતના નિર્માણ માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબધ્ધતા વ્યકત કરી હતી. કાર્યક્રમ દરમિયાન વૃક્ષોના મહત્વ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ અને હરિયાળું પર્યાવરણ ઉપલબ્ધ કરાવવા સંકલ્પ લેવામાં આવ્યો હતો. વિ પર્યાવરણ દિવસ નિમિત્તે યોજાયેલા આ વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો સકારાત્મક સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો અને વધુમાં વધુ લોકો વૃક્ષારોપણ તરફ પ્રેરિત બન્યા હતા. સમગ્ર કાર્યક્રમ ઉત્સાહભેર અને સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# બાબરા નગરપાલિકામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી, વૃક્ષારોપણ સાથે હરિયાળા ભવિષ્યનો સંકલ્પ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા શહેર ખાતે વિ પર્યાવરણ દિવસ નિમિત્તે બાબરા નગરપાલિકા કચેરી ખાતે પાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, હરિયાળી વધારવા અને ભાવિ પેઢીને સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ આપવાના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકાના ઉપપ્રમુખ યગ્નેશભાઈ શુકલ, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, નીલેશભાઈ શીયાણી, ભુપતભાઈ બસિયા, મહેશભાઈ પીપળવા, દેવશીભાઈ મારૂ, અનિભાઈ મકવાણા, કપિલભાઈ ચોવતીયા, કરીમભાઈ કોટડીયા, મહેશભાઈ હેરમા, જીગુબેન શકોરિયા, મહેશભાઈ ચૌહાણ, શિવુંભાઈ ખાદા, આસિફભાઈ વાળા, રાજુભાઈ વિરોજા, હરેશભાઈ આખજા, પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ કરકર સહિત નગરપાલિકાના સભ્યો, શહેર ભાજપના અગ્રણીઓ, સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત નગરપાલિકા મેદાનમાં વિવિધ વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત આગેવાનોએ માત્ર વૃક્ષારોપણ જ નહીં પરંતુ વૃક્ષોના જતન અને ઉછેરની જવાબદારી નિભાવવાનો પણ સંકલ્પ વ્યકત કર્યો હતો. પાલિકા પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે પર્યાવરણનું સંતુલન જાળવવા વૃક્ષોનું મહત્વ ખૂબ જ અગત્યનું છે અને દરેક નાગરિકે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેના ઉછેરની જવાબદારી સ્વીકારવી જોઈએ. વિ પર્યાવરણ દિવસની આ ઉજવણી દ્વારા પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને હરિયાળું બાબરા નિર્માણ કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી) દ્વારા

## લીલીયા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો

### ૮૪ દર્દીઓએ લીધો લાભ, ૧૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરાયું



અમરેલી, તા. ૫

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) અને ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયાનાં ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનાં આર્થિક સહયોગથી બત્રીસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા ખાતે તા. ૪ને ગુરૂવાર સવારે ૯ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો.

આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપ પ્રાગટય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયાનાં ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડીયા અને લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ ઋજુલભાઈ ગોંડલીયા દ્વારા કરવામાં આવેલ હતું. અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી.

આ કેમ્પમાં આંખના તમામ રોગોની તપાસ આંખના નિષ્ણાંત ડોકટર અલ્કાબેન વાટકીયા અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે.

આ કેમ્પમાં ૮૪ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૧૭ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.

આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્તિઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે ૧૭ વ્યક્તિઓને રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. ઉમિયાધામ લીલીયા મુકામે આંખની તમામ પ્રકારની વિનામૂલ્યે સારવાર અને ઓપરેશન દર મહિનાના પહેલાં ગુરૂવારે નિષ્ણાંત ડોકટરની ટીમ દ્વારા કરી આપવામાં આવે છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) ના પ્રમુખ લાયન ઋજુલભાઈ ગોંડલીયા, પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ. પટેલ અને લાયન રમેશભાઈ ગોલ, ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ છગનભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ, ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ ભગવાનભાઈ સોળીયા, ખજાનચી પ્રવિણભાઈ કાનજીભાઈ શેખલીયા, ટ્રસ્ટી ભુરાભાઈ મોહનભાઈ શેખલીયા, ભાવેશભાઈ ધામત, અશોકભાઈ બોરસણીયા, શાંતિભાઈ ટી. ધામત દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી પરેશભાઈ કાનપરીયાની યાદી જણાવે છે.

### સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા

## અમરેલીમાં કલેકટર કચેરી ખાતે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અવેરનેસ કાર્યક્રમ યોજાયા

### કર્મચારીઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે માર્ગદર્શન અપાયુ





અમરેલી, તા. ૫

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અમરેલી કલેક્ટર કચેરી ખાતે સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું. જેમાં કચેરીના કર્મચારીઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમ અંગે લોકોમાં જાગૃતિ/અવેરનેસ ફેલાવવા તથા સાયબર ક્રાઈમ પ્રિવેન્શન અંગે જરૂરી સુચનાઓ આપેલ હોય જેથી પરીણામલક્ષી કામગીરી કરી લોકોને સાયબર ક્રાઈમનો ભોગ બનતા અટકાવવા નાયબ પોલીસ અધિક્ષક સી.આઈ. દેસાઈનાં માર્ગદર્શન હેઠળ અમરેલીના સાયબર ક્રાઈમ પોલીસ ઈન્સપેક્ટર કે.એલ. ખટાણા તથા પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. કડછા દ્વારા જરૂરી ટીમ બનાવી કામગીરી હાથ ધરી લોકોમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાવવાની કામગીરી કરવામાં આવે છે.અમરેલી ખાતે કર્મચારીઓ સાયબર લગત માહિતી આપવા માટે સાયબર ક્રાઈમ અવરનેસ લગત પત્રિકાઓનુ વિતરણ કરવામા આવેલ તેમજ લોકો સાથે વિવિધ રીતે થતા સાયબર ક્રાઈમ ફ્રોડ, જેવા કે સ્ક્રીન શેરિંગ એપ, આ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક, ન્યુડ વીડીયો કોલ, આર્મીમેનનું નામ ધારણ કરવુ જેવી વિવિધ તરકીબોથી લોકો ભોગ બનતા હોય છે. જે અંગે તેઓને સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે તથા સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ ફેલાય તેવા હેતુસર સાયબર ક્રાઈમ પ્રિવેન્શન તથા સાયબર અવેરનેસ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ.

આ ઉપરાંત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા જીલ્લાના તમામ નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષીત રહેવા માટે અપીલ કરવામાં આવે છે.

### ''એક પેડ મા કે નામ'' અતંર્ગત વૃક્ષારોપણ

## અમરેલી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વન ચેતના કેન્દ્ર ખાતે બીજ મેળો યોજાયો

### ૧૦૦ થી વધુ દુર્લભ પ્રજાતિઓનાં બીજનું પ્રદર્શન





અમરેલી, તા. ૫

વિ પર્યાવરણ દિવસ નિમિત્તે આજે અમરેલી સ્થિત વનચેતના કેન્દ્ર ખાતે સામાજિક વનીકરણ રેન્જ, અમરેલી દ્વારા ''પ્રકૃતિનું જતન, ભવિષ્યનું સર્જન'' સૂત્ર સાથે ભવ્ય 'બીજ મેળા' અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સ્થાનિક તથા દુર્લભ વનસ્પતિઓના સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવાનો અને નવી પેઢીમાં પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનો ભાવ વિકસાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન સ્થાનિક તેમજ લુપ્ત થવાના આરે રહેલી ૧૦૦થી વધુ વનસ્પતિ પ્રજાતિઓના બીજનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ઉમરો, અરીઠા, સિંદુર, બીલી, બહેડા, કાંચનાર, વડ, સાગ, ખાખરો, લક્ષ્મીતરૂ, કપોક, ઘુઘરા, સોનમહોર, રતનગુંજ, ટીમ્બરૂ, કૈલાસપિત, કોડીયુ, ચણોઠી, મરડાશીંગ, બીચો, વાસંતી, પીપળો, ફાલસા, પીપર, વાંસ, સીસુ, કડાયો, વિકળો, ફાસીદ, કમળ કાકડી વગેરેનો સમાવેશ થાય છે.

મુલાકાતીઓને વિવિધ વૃક્ષો અને ઔષધીય વનસ્પતિઓના મહત્વ અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી વિવિધ માહિતીપ્રદ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.કાર્યક્રમની વિશેષતા તરીકે અમરેલી સંકુલના આયુર્વેદિક કોલેજ, નેત્ર ચિકિત્સા ચેરિટેબલ ટ્રસ્ટ, અંદાજે ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ વનચેતના કેન્દ્રની નર્સરીની મુલાકાત લઈ વિવિધ છોડ અને વૃક્ષોની વૈજ્ઞાનિક માહિતી મેળવી હતી. સાથે જ માટી અને સેન્દ્રિય ખાતરના ઉપયોગથી 'સીડ્સ બોલ' (Seeds Ball) બનાવવાની પ્રાયોગિક કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી, જે આગામી ચોમાસામાં હરિયાળી વધારવામાં ઉપયોગી બનશે.વિ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વન ચેતના કેન્દ્રના પરિસરમાં મહાનુભાવો અને વનવિભાગના અધિકારીઓના હસ્તે પ્રતીકાત્મક વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકો અને વિદ્યાર્થીઓને પોતાના ઘર આંગણે વૃક્ષારોપણ કરી હરિયાળું પર્યાવરણ સર્જવા માટે નિઃશુલ્ક રોપાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં અંદાજે ૨૦૦ જેટલા પ્રકૃતિપ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ, જૈવ વૈવિધ્યના જતન અને વૃક્ષારોપણના મહત્વ અંગે પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક દક્ષાબહેન ભારાઈ, મદદનીશ વન સંરક્ષક ડો. રાજન જાદવ, અગ્રણી અતુલભાઈ કાનાણી, અગ્રણી મહેશભાઈ જાવિયા, વિદ્યાસભા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટી, વસંતભાઈ પેથાણી, ચતુરભાઈ ખુંટ, લાયન્સ ક્લબના પ્રમુખ રૂજુલભાઈ ગોંડલિયા, અગ્રણી જયેશભાઈ પંડ્યા, રોટરી ક્લબના હોદ્દેદારો, સામાજિક આગેવાનો, વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### નેસ વિસ્તારમાં કરવામાં આવેલ વિકાસકાર્યોની સમીક્ષા માટે

## અમરેલી જિલ્લાના વનવિસ્તારના ગામો તથા નેસનાં માલધારીઓની એક મંથન સભા યોજાઈ

### નેસના માલધારીઓ સાથે વન વિભાગે મહત્વની ચર્ચા કરી





અમરેલી, તા.૫

ગીર પૂર્વ વન વિભાગ અંતર્ગત આવતા તમામ સેટલમેન્ટ ગામો તથા નેસના માલધારીની એક મંથન સભાનું આયોજન હડાળા નેસ ખાતે કરવામાં આવેલ હતું. જે મંથન સભાનો મુખ્ય વિષય છેલ્લા એક વર્ષમાં વન વિભાગ દ્વારા સેટલમેન્ટ ગામો તથા નેસમાં કરેલ લોકોની પ્રાથમિક જરૂરિયાત સબંધિત કામગીરીની સમીક્ષા કરવી તથા આ વર્ષે કરવાની થતી પ્રાથમિક સુવિધા સબંધિત કામગીરીની સમીક્ષા તથા માલધારીઓ દ્વારા રજૂ કરવામાં આવતી અન્ય મુશ્કેલીની સમીક્ષા કરવી તથા તેનું સમાધાન માટે વિચારણા કરવી.

જેમાં ચીખલકુબા, કોઠારીયા, જસાધાર, ઘોડાવડી, ટીંબરવા વન વસાહત ગામો તથા શિરનેસ,રાજસ્થળી, લોકી, પાડાગાળા, રેબડી, પડાળીયા, કાણેક, ખજૂરી, માંડવી, ઘુડજીંજવા, હડાળા, મીંઢા, લેરિયા, સરકડિયા, દોઢીનેસના માલધારીઓએ હર્ષભર હાજરી આપેલ હતી.

આ મંથન સભામાં છેલ્લા ૧ વર્ષમાં નેસમાં કરવામાં આવેલ પીવાના તથા માલઢોર માટેની પાણીની વ્યવસ્થા, નેસ સુધીના રસ્તા રિપેરિંગ, કોઝ વે તથા અન્ય કામગીરી તથા વન વસાહત ગામોમાં કરેલ પીવાના પાણીની સુવિધા, કપડાં ધોવા ધોબીઘાટની સુવિધા,ગામમાં જવાના રસ્તા રિપેરિંગ, સ્ટ્રીટ લાઈટની સુવિધા, બ્લોકની સુવિધા, ઘરે ઘરે ગટર સુવિધા, પાણીના ટાંકાની સુવિધા, ડંકીની સુવિધા વગેરેની સમીક્ષા કરવામાં આવેલ તથા ભવિષ્યમાં માલધારી તથા વનવસાહત ગામના લોકો દ્વારા કરવામાં આવેલ પ્રાથમિક સુવિધા સબંધિત રજૂઆતને સમયસર તથા કાયદા મુજબ પૂર્ણ કરવાની ખાતરી વન સંરક્ષક દ્વારા આપવામાં આવેલ હતી. તથા પ્રાથમિક સુવિધા સમયસર મળી રહે તે માટે સબંધિત અધિકારીને સૂચના આપવામાં આવેલ.

સમગ્ર મંથન દરમિયાન અલગ અલગ નેસના માલધારી સાથે ચર્ચા કરવામાં આવેલ તથા તેમના દ્વારા રજૂ થયેલ મુદાઓને નોંધવામાં આવેલ તથા વેહલી તકે નિવારણ લાવવાની ખાતરી આપેલ હતી.જેમાં તમામ માલધારી દ્વારા આ મંથનસભાને હર્ષભર આવકારેલ તથા સહિયારા પ્રયાસથી ગીરની પ્રકૃતિ તથા સંકૃતિને જાળવવાની શપથ લીધેલ હતી.

## સાવરકુંડલા : હનુમાનજીની પ્રતિમા અને સુંદરકાંડ ગ્રંથથી ડો. અંકિતાબેન મુલાણીનું સન્માન



અમરેલી, તા. ૫

સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ ખાતે પ્રખ્યાત માર્ગદર્શક વકતા અને મોટીવેશનલ સ્પીકર ડો. અંકિતાબેન મુલાણીની શુભ મુલાકાત યોજાઈ હતી. આ પ્રસંગે આશ્રમના મહંત ભકિત બાપુ દ્વારા તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ભકિત બાપુએ ડો. અંકિતાબેન મુલાણીને હનુમાનજીની પવિત્ર પ્રતિમા તથા સુંદરકાંડ ગ્રંથ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ સન્માન આધ્યાત્મિકતા, સંસ્કાર અને સમાજ સેવાનામૂલ્યોને સમર્પિત હોવાનું જણાવાયું હતું. ઉપસ્થિત ભકતજનો અને આશ્રમના સેવકોએ પણ ડો. મુલાણીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.ડો. અંકિતાબેન મુલાણી પોતાના પ્રેરણાદાયી પ્રવચનો, વ્યકિતત્વ વિકાસ અને જીવનમૂલ્યો અંગેના માર્ગદર્શન માટે જાણીતા છે. તેમણે પોતાના સંબોધનમાં સકારાત્મક વિચારસરણી, આત્મવિાસ અને માનવસેવાના મહત્વ અંગે વિચાર વ્યકત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આધ્યાત્મિકતા અને સદાચાર વ્યકિતના જીવનને નવી દિશા આપી શકે છે.આ પ્રસંગે આશ્રમમાં ભકિતમય અને પ્રેરણાદાયી વાતાવરણ સર્જાયું હતું. ભકિત બાપુ અને ડો. અંકિતાબેન મુલાણી વચ્ચે થયેલી આ મુલાકાત ઉપસ્થિત સૌ માટે યાદગાર બની રહી હતી.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી




# આમ આદમી પાર્ટીનાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા ખેડૂતોનાં બચાવમાં આવ્યા

# ખેડૂતોને ધમકાવીને કંપનીઓ ખેતરમાં થાંભલા લગાવવાનું બંધ કરે

### ભાજપ સરકારે ખેડૂતોનાં હિતમાં કાયદામાં ફેરફાર કરીને ન્યાય આપવો જોઈએ

### સરકાર જુના કાયદાનો ગેરલાભ લઈને ખેડૂતો ઉપર જબરદસ્તી કરતી હોવાનો કર્યો આક્ષેપ

### ખાનગી કંપની જે નફો કરે છે તેમાં ખેડૂતોને આજીવન હિસ્સો મળવો જોઈએ

### ખેડૂતોનાં હિતમાં ધારાસભ્ય તરીકે એક બિલ તૈયાર કર્યુ છે જો બધા ધારાસભ્યો સમર્થન કરે તો સારૂ થશે

અમરેલી, તા. ૫

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ફેસબૂક લાઈવના માધ્યમથી એક અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેડૂતોના ખેતરમાં દાદાગીરીથી, ગુંડાગર્દી કરીને, પોલીસ ભાડે લાવીને થાંભલા નાખવાનો જે મુદ્દો છે એને અલગ અલગ ત્રણ રીતે મેં વિધાનસભામાં રજૂ કર્યો હતો. મેં



વિધાનસભામાં પ્રશ્ન પૂછયો હતો કે આ કંપનીઓ જે પોલીસ લઈને આવે છે તો તેના માટે કંપની કેટલું ભાડું ચૂકવે છે, તો લેખિતમાં મને જવાબ આપવામાં આવ્યો કે બે જિલ્લામાં બે વર્ષમાં કંપનીઓએ ૧૮ કરોડ ભાડું ચૂકવ્યું છે. એનો મતલબ કે પોલીસ ભાડે આવે છે પરંતુ સરકારી કામ માટે નથી આવતી. તો ગુજરાતના તમામ ખેડૂતો અને પોલીસના મિત્રો એ વાત જાણી લે કે થાંભલા નાખવાનું કામ જે ચાલી રહ્યું છે એ કોઈ સરકારી કામ નથી, પ્રાઈવેટ કામ છે, આ કામ પૂરૂં કરવા માટે કંપનીઓ પોલીસ ભાડે લઈ જાય છે અને સરકાર પોલીસ ભાડે આપે છે જેને ઓન પેમેન્ટ બંદોબસ્ત કહેવામાં આવે છે. તો ખેડૂતોને એટલું જ કહેવા માંગીશ કે કંપનીઓ જે પોલીસ લઈને આવે છે એનાથી આપણે ડરવું ન જોઈએ.


વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યએ જણાવ્યું હતું કે, અંગ્રેજોએ ટેલિગ્રાફ માટે ૧૮૮૫માં જે કાયદો બનાવ્યો હતો એવોને એવો જ કાયદાનો ઉપયોગ ભાજપ સરકાર ૨૦૨૬માં કરી રહી છે. અંગ્રેજોએ તો ખેડૂતોની જમીનો પચાવી પાડવા માટે આ કાયદો બનાવ્યો હતો. તો હવે ભાજપના નેતા ઈચ્છે તો સારો કાયદો બનાવવો જોઈએ ને. તો હવે આ ખેડૂતો માટે મેં એક બિલ તૈયાર કર્યુ છે અને જો બધા ધારાસભ્ય આ બિલના સમર્થનમાં વોટ આપશે અને સાઈન કરશે તો આ બિલ કાયદો બનશે. તો જયાંથી વીજ લાઈન નીકળવાની હોય ત્યાં ઝાડ, તાર જેવી જગ્યાનું વળતર

અનુસંધાન પાના ૬ ઉપર

### પૂર્વ પાલિકા પ્રમુખ, પૂર્વ ધારાસભ્ય, પૂર્વ સાંસદ, પૂર્વ મંત્રી અને જિલ્લા બેન્કનાં ચેરમેન તેમજ

# અમરેલીનાં સહકારી શિરોમણી દિલીપ સંઘાણીને નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાઈન્સીસ એવોર્ડ એનાયત

### તેઓ અમેરિકાનાં પ્રવાસે હોય તેમના પ્રતિનિધિએ એવોર્ડ સ્વીકાર્યો



અમરેલી, તા. ૫

ગુજરાતની પ્રભાવક સહકારી પ્રવૃતિ સમગ્ર દેશમાં કાઠુ કાઢીને હવે દેશનાં સીમાડાઓ વટાવીને વિદેશની સહકારી પ્રવૃતિને માર્ગદર્શન પુરૂ પાડી રહી છે. તેવા સમયે અમરેલી જિલ્લાને ગૌરવ અપાવતી અને સમગ્ર દેશની સહકારી પ્રવૃતિની યશકિર્તી વધારતા ઘટના ક્રમમાં ભારતની ટોચની સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની દુરંદેશી કૃષિવિકાસ, ખેડૂત કલ્યાણ, સહકારી ચળવળ સશકિતકરણ પ્રવૃતિ, સમપર્ણ અને અમુલ્ય યોગદાનનાં કદરરૂપે નેશનલ એકેડેમીઓફએગ્રીકલ્ચરસાઈન્સીસનો પ્રતિષ્ઠિ "નાસ ઈન્ડરસ્ટ્રીયટ એવોર્ડ" એનાયત કરવામાં આવતા સમગ્ર અમરેલી જિલ્લામાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ સન્માન ભારતીય

અનુસંધાન પાના ૬ ઉપર

































*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)